MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૧૦-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૮ + ૨

3 અંગૂરી ભાભી શિલ્પા શિંદેનો સિદ્ધાર્થને પડકાર: સીસીટીવી મારી પાસે છે શાંત રહેજે નહિ તો...

5 ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની ઉત્તરવહી ૪૪ હજાર શિક્ષકો તપાસશે

6 નર્મદા ધારીખેડા સુગરની ચૂંટણી આવતા રાજકીય ગરમાવો: ચૂંટણી પ્રક્રિયાના ભંગનો વિવાદ

7 રાજપીપળા સહિત નર્મદા જિલ્લાની બેન્કોમાં સર્વરની રામાયણ : ATM માં પણ કેશ ન નિકળતા તહેવાર ફિક્કો

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઇનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)





હોળી-ધૂળેટી પર્વ સંદર્ભે સુરત શહેરની વિવિધ કોલેજોમાં રંગ પર્વની ઉજવણીમાં વેલા બનેલા વિદ્યાર્થીઓની આ તસ્વીરો છે.

બારડોલી આરટીઓ દ્વિ-ચક્રીય વાહનના નંબરની હરાજી કરશે

૧૧થી ૧૩મી માર્ચ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત

બારડોલી એઆરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનોના GJ19.BC સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા.૧૧/૦૩/૨૦૨૦ થી તા.૧૩/૦૩/૨૦૨૦ દરમિયાન કરી શકાશે. જેમાં http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૧૪ થી તા.૧૫મી માર્ચ સુધી ઓપન થશે. તા.૧૬મીએ ફોર્મ જમા કરવાના રહેશે.

અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. જો આ ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવવા કરવામાં તેમ સહાય પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, બારડોલી દ્વારા જણાવાયું છે.

ઈચ્છાપોરમાં બે વાહનોમાંથી રૂા.૨.૨૭ લાખનો દારૂ ઝડપાયો

ઈચ્છાપોર પોલીસે બે ખેપીયાઓની ધરપકડ કરી

સુરત

ઈચ્છાપોર મલગામા મંદિર ફળીયા ખાતેથી પસાર થઈ રહેલા બોલેરો પીકઅવ વાનને રોકી તેમાંથી પોલીસે વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની મોટી મળી કુલ ૨૦૧૭ નંગ બોટલો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઈચ્છાપોર-મલગામા ગામ મંદિર ફળીયામાં રાજેશ પટેલ રહે છે. મોટીવેડ ગામ ખાતે રહેતા અને જમીન દલાલીનું કામ કરતા નરેશભાઈ દેવચંદ વગેરેઓએ દમણના મિતેષ પાસેથી વિદેશી દારૂનો જથ્થો ખરીદ્યો હતો. બોલેરો તથા સેન્ટ્રો કારમાં લાવવામાં આવેલા ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાને પોલીસે કબજે કરી બે બુટલેગરોની ધરપકડ કરી હતી. વિદેશી દારૂના જથ્થાની કુલ કિંમત રૂા.૨.૨૭ લાખ તથા બે વાહનો કિંમત બે લાખ મળી કુલ ૪.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરી હતી.

સુરતમાં રાષ્ટ્રીય કક્ષાના સરસ મેળાની મુલાકાત લેતા કલેક્ટર ધવલ પટેલ

સરસ મેળામાં બે દિવસમાં રૂા.૨૦ લાખથી વધુનું વેચાણ

સુરત

ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને સ્વ-સહાયજુથ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને રાષ્ટ્રીય કક્ષાની વેચાણ સુવિધા ઉપલબ્ધ કરાવવાના આશયથી સુરતના આંગણે આયોજિત રાષ્ટ્રીયકક્ષાના 'રિજીયોનલ સરસ મેળા-૨૦૨૦'ના આજરોજ ત્રીજા દિવસે જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલે મુલાકાત લઈને વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરીને મહિલાઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

અડાજણ ખાતે જ્યોતિન્દ્ર ગાર્ડનની બાજુમાં, મહાનગરપાલિકાના હનિપાર્ક ગ્રાઉન્ડ ખાતે યોજાયેલો મેળામાં રાષ્ટ્રીય સરસ મેળામાં વિવિધ રાજ્યોના ૪૦ સ્ટોલ તેમજ ગુજરાતના તમામ જિલ્લાઓના ૧૦૫ તથા સુરત મહાનગરપાલિકાના ૨૦ મળી કુલ ૧૭૫ જેટલા સ્ટોલ ઉભા કરીને વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેના બે દિવસ દરમિયાન ૨૦.૨૮ લાખની ચીજવસ્તુનું વેચાણ બહેનો દ્વારા કરવામાં આવ્યું છે. તા.૧૨મી માર્ચ સુધી ચાલનારા મેળામાં શહેરીજનો હાથ બનાવટની ઉત્પાદિત કરાયેલી કલાત્મક વિવિધ ચીજવસ્તુઓના વેચાણ થકી પ્રોત્સાહિત કરવાનો અનેરો અવસર સાપડ્યો છે.

ગ્રામિણ મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટેના આ મેળામાં મેળામાં ગુજરાતના ચણીયાચોલી, હરિયાણાની ટેરાકોટાની ચીજવસ્તુઓ, ઓરિસ્સાના હેન્ડલુમ, ત્રિપુરાની સિલ્ક સાડીઓ, આસામના વુડન પેઈન્ટીગ, મધ્યપ્રદેશના સુતર પ્રોડકટ, પંજાબની ફુલકારી, બિહારનું મધુબની પેઈન્ટીગ, ઉત્તરાખંડની જયુટબેગ, હિમાચલ પ્રદેશની હસ્તકલા અને ઉનની બનાવટો મળી ૧૭૫થી વધવુ સ્ટોલોદ્વારા વેચાણ કરવામાં આવી રહ્યું છે.

તાતીથૈયા ગામમાં પેકેજિંગ મટીરિયલ્સ ઉત્પાદીત કરતી ફેક્ટરીમાં આગ લાગી

બે કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી

સુરત

પલસાણા તાતીથૈયા ગામ નજીક થર્મોકોલ બનાવતી ફેક્ટરીમાં મોડી રાત્રે અચાનક આગ લાગી જતા ભાગદોડ મચી ગઈ હતી. રવિવારની રાત્રે બનેલી આ ઘટના બાદ કારીગરો જીવ બચાવી બહાર દોડી આવ્યા બાદ આગ ઉગ્ર બનતા આખી બિલ્ડીંગ આગની ઝપેટમાં આવી ગઈ હતી. ઘટનાની જાણ બાદ કડોદરા, બારડોલી ફાયર સ્ટેશનની ટીમ આગને કાબુમાં લેવા દોડી ગઈ હતી. બે કલાકની જહેમત બાદ આગ પક કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

પલસાણા તાતીથૈયા ગામ નજીક થર્મોકોલ બનાવતી ઋષિકા પેકેજિંગ ફેક્ટરીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. થર્મોકોલના રો મટેરિયલ માં આગ ભભૂકી ઉઠતા કાળા ધુમાડાના ગોટેગોટા હવામાં છવાયા હતા. આંગને આસપાસનો કારણે વીજ પુરવઠો બંધ કરાયો હતો. ઘટનાની જાણ થતા ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી ગયું હતું. જોકે, આગ બેકાબૂ બનતા સુરત ફાયર વિભાગની ડુંભાલ અને BRCની ૪ ફાયર ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. લગભગ ૨ કલાક સુધી ૮ ફાયર ફાયટરની ટીમોએ આગ પર સતત પાણી અને ફોમનો મારો કરી આગ કાબૂમાં લેતા લોકોએ રાહતનો દમ લીધો હતો. આ દુર્ઘટનામાં થર્મોકોલનો જથ્થો, મશીનરી, બોઈલર સહિત બિલ્ડીંગ પણ બળીને ખાખ થઈ ગયું હતું. જોકે, આગ લાગવાનું કારણ બહાર ન આવતા હાલ તપાસ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

લાંચ લેતા ઝડપાયેલા ડે.ઈજનેર અશ્વિન ટેલરની અપ્રમાણસર સંપત્તિની તપાસ

એસીબી અશ્વિન ટેલરને કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માંગશે

સુરત

ગેરકાયદે બાંધકામ સંદર્ભે રૂપિયા દોઢ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયેલા લીંબાયત ઝોનના ડેપ્યુટી ટાઉન પ્લાનર અશ્વિન ટેલરની એસીબી પોલીસે કાયદેસરની ધરપકડ બતાવી આજે બપોર બાદ કોર્ટમાં રજૂ કરશે.

એસીબી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લાંચિયા અશ્વિન ટેલરને કોર્ટમાં રજૂ કરી દસ દિવસના રિમાન્ડની માંગણી કરાશે. શહેરમાં ગેરકાયદે બાંધકામોમાં સુરત મહાનગરપાલિકાના ભ્રષ્ટ અધિકારી, કર્મચારીઓ મહિને દહાડે લાખો રૂપિયા રોકડી કરી લેતા હોય છે. મસમોટો પગાર ધરાવતા આવા ભ્રષ્ટાચારીઓ વારંવાર એસીબીના સકંજામાં સપડાતા હોય છે. તેમ છતાં તેઓ લાંચ લેવાનું ભૂલતા નથી. ભૂતકાળમાં વિવાદોથી ઘેરાયેલા આ ડેપ્યુટી ટાઉન પ્લાનર અશ્વિન ટેલર વિરૂદ્ધ એસીબીએ સાતેક મહિના પહેલા એક અખબારી અહેવાલને પગલે તપાસ કરી હતી. પગાર કરતા અપ્રમાણસર મિલકત સંદર્ભે છેલ્લા સાતેક મહિનાથી એસીબી પોલીસ તપાસ કરી રહી છે. આ વિવાદાસ્પદ અશ્વિન ટેલરને ભૂતકાળમાં સસ્પેન્ડ પણ કરાઈ ચૂક્યો છે. ગેરકાયદે બાંધકામ કરનારાઓને દમદાટી આપી લાખો રૂપિયાનો તોડ કરનાર ડેપ્યુટી ઈજનેર અશ્વિન ટેલરની સામે આજે પણ અગાઉની અપ્રમાણસર મિલકત સંદર્ભેની તપાસ ચાલુ હોવાનું એસીબીના સુરત એકમના નિયામક એન.પી. ગોહિલે જણાવ્યું હતું.

જાણવા મળ્યા મુજબ ઉદ્યોગપતિ કાદરવાડીવાલાએ જે.જે. ટ્રેનિંગ કોલેજની માંગેલી જમીન સંદર્ભે મનપા કમિ. એમ. થેન્નારસને ફાઈલ મંજૂરી કરી હતી. પરંતુ કેટલાક અધિકારીઓના પેટમાં તેલ રેડાતા આખી ફાઈલના રિપોર્ટ બદલી નંખાયા હતા. જે સંદર્ભે બસ્તક સહિતના અધિકારીઓ વિરૂદ્ધ ખાદીકય તપાસ કરવામાં આવી હતી. જેમાં અશ્વિન ટેલરને સસ્પેન્ડ કરાયા હતા. પરંતુ ત્યારબાદ નોકરી ઉપર લેવાયો હતો અને આ જ અશ્વિન ટેલર ફરીથી લાંચ કૌભાંડમાં એસીબીના હાથે ઝડપાઈ ગયો છે.

કોસંબા નકલી નોટ પ્રકરણમાં ત્રણ આરોપીઓ જેલના હવાલે

રિમાન્ડ પૂર્ણ થતા આરોપીઓ જ્યુડીશિયલ કસ્ટડીમાં

સુરત

કોસંબા પોલીસ સ્ટેશનમાં કામ કરતા એક સફાઈ કામદાર સહિત ત્રણ આરોપીઓ પાસેથી રૂા.૫૦૦ તથા ૨ હજારના દરની બોગસ ચલણી નોટો કબજે કરાયા બાદ એસઓજી પોલીસે તેઓને કોર્ટમાં રજૂ કરી મેળવેલા રિમાન્ડ પૂરા થતા અદાલતે તમામને જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એસઓજી પીઆઈ એ.પી. બ્રહ્મભટ્ટે કોસંબા પોલીસ મથકના સફાઈ કામદાર જહાંગીરપુરા ખાતે રહેતા સહિત ત્રણ આરોપીઓ પાસેથી રૂા.૫૦૦ તથા ૨ હજારના દરની કુલ ૨૫ લાખ રૂપિયાની બોગસ નોટો ઝડપી પાડી હતી. પોલીસે ત્રણેય તહોમતદારોની ધરપકડ કરી છ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાંડ પૂરા થતા અદાલતે તમામને જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલી આપતો હુકમ કર્યો હતો.

બેગમપુરા તુલસી ફળીયામાં વધુ એકવાર દરોડા : ૧૨ જુગારી ઝબ્બે

અઠવા પોલીસે પણ જુગાર ઝડપી પાડ્યો

સુરત

બેગમપુરા તુલસી ફળીયા અને નાનપુરા ખારવા વાડમાં સ્થાનિક પોલીસે દરોડા પાડી જુગાર રમતા ૧૨ જણાની ધરપકડ કરી હતી. કુલ રૂા.૫૫,૯૭૦ની મતા કબજે કરી હતી.

મહિધરપુરા પોલીસે બેગમપુરા તુલસી ફળીયામાં દરોડા પાડી વરલી મટકાનો જુગાર રમતા રફીક ઈબ્રાહીમ શેખ, સંજય સુખદેવ પટેલ, કલ્પેશ વાળંદ, રામનાથ મોતીસિંગ પરદેશી, અલ્તાફ અયુબ પઠાણ, સુરેશ મંગુ નાયકાની ધરપકડ કરી રોકડા રૂા.૧૭૯૬૦ કબજે કર્યા હતા.

જ્યારે અઠવા પોલીસે નાનપુરા ખારવાવાડ શૈશવ હોસ્પિટલની સામે જુગાર રમતા ઉમેશ ધીમણ ટંડેલ, ઉદય ધનસુખ, જીગ્નેશ ચંદ્રકાંત, જીગર હસમુખ, પરીક્ષીત સારંગ, જીગ્નેશ ઠાકોરની ધરપકડ કરી પાંચ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૩૨,૦૧૦ની મતા કબજે કરી હતી. અઠવા પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારા અન્વયે કાર્યવાહી કરી હતી.



સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોન દ્વારા ઓપરેશન ડીમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. આજે વેડરોડ નજીક આવેલા રહેમતનગરમાં ગેરકાયદે બની ગયેલુ બાંધકામ તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ફૂડ એન્ડ એગ્રીટેક અને બિઝનેસ એક્ષ્પોને સાંપડેલો ભારે પ્રતિસાદ

આહવા

સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો–૨૦૨૦' અને 'જીજ્ઞ બિઝનેસ એક્ષ્પો'ને જબરજસ્ત પ્રતિસાદ સાંપડયો હતો. ચેમ્બર દ્વારા ઓર્ગેનીક ખેતી કરતા ડાંગ–આહવાના સ્ટોલધારક ખેડૂતો પણ ખુશખુશાલ થઈ ગયા હતા. આથી ભવિષ્યમાં આ રીતનો એક્ષ્પો ચેમ્બર દ્વારા ફરીથી યોજવામાં આવે તેવી લાગણી તેમના દ્વારા વ્યકત કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા ઓર્ગેનીક ચોખા, નાગલી, આખા અડદ, અડદની દાળ, ભગર (મોરૈયો), ખરસાણી અને શાકભાજી વિગેરેનું વેચાણ કરવામાં આવ્યુ હતુ. નમકીન અને બેકરીની આઈટમોમાં ખાણીપીણીની ચીજવસ્તુઓની મોટાપાયે ખરીદી નીકળતા એકઝીબીટર્સને સારો બિઝનેસ મળ્યો હતો. પ્રદર્શનમાં સ્ટોલધારકો દ્વારા બાય વન ગેટ વન ફ્રીની ઓફર આપવામાં આવતા ત્રણ દિવસ દરમિયાન લોકોની ભારે ભીડ જામી હતી. ખાણીપીણીની ચીજવસ્તુઓના સ્ટોલધારકો દ્વારા લોકોને ડિસ્કાઉન્ટ કૂપનો પણ આપવામાં આવી હતી. જેને કારણે ત્રણ દિવસ દરમિયાન ૧૭૪૮૯ લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.પહેલો દિવસ-૩૨૭૬, બીજો દિવસ-૫૧૯૮, અને ત્રીજો દિવસ-૯૦૧૫ મુલાકાતીઓ નોંધાયા હતા.

વિદેશી દારૂ સાથે એક ખેપીયાની ધરપકડ

સુરત

સાડીના પાર્સલની આડમાં સમય પાર્સલ સર્વિસના બે પાર્સલમાંથી બ્રાન્ડેડ દારૂની ૪૪ બોટલો મળી આવી હતી. સરથાણા પોલીસે રૂા.૩૩૪૪૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી એકની ધરપકડ કરી હતી.

સરથાણા પોલીસે બાતમીના આધારે સરથાણા પ્રાણી સંગ્રહાલયની સામે બ્રીજ નીચેના પાર્કિંગમાં સમય પાર્સલ સર્વિસના પાર્સલોની તપાસ કરતા સાડીના બે પાર્સલમાંથી રૂા.૩૩૪૪૦ની કિંમતની વિદેશી દારૂની ૪૪ બોટલો મળી આવી હતી. પોલીસે સંજય બાબુ આંબલીયાની ધરપકડ કરી હતી. જ્યારે રસીક નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સેન્ટ્રલ ઝોને વોર્ડ નં.૨માં ગેરકાયદે બાંધકામ તોડ્યું

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૧૨૬૭ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી હેમંત જરીવાલા તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૦૭/૦૩/૨૦૨૦નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળ પર આશરે ૭૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબનું ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂ.૫૦,૦૦૦/- વસુલ લેવામાં આવેલ છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Stationary Printing • Pamphlet
• Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૧૦-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

હોળીના દિવસે જ શેરબજારમાં ૮ લાખ કરોડની સંપત્તિમાં ભડકો...!

બ્લેક મન્ડે: સેન્સેક્સ ૧૯૪૧ અંકના કડાકા સાથે કડડભૂસ

રિલાયન્સના શેરો ૧૩ ટકા તૂટીને રૂ. ૧,૧૦૫ પર પહોંચ્યા ગયા છે, જે ઓક્ટોબર ૨૦૦૮ થી સૌથી વધુ ઘટ્યો, શેરધારકોને એક જ દિવસમાં ૧.૦૮ લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન,યસ બેન્કના શેરોમાં તેજી..!

મુંબઇ

વિશ્વભરના શેરબજારોમાં થઈ રહેલા ભારે ધોવાણ અને ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં આશરે ૩૦ ટકાનો કડાકો બોલાઈ જતા વૈશ્વિક સ્તરે મંદીની સ્થિતિ ઘેરી બનવાની ભારે દહેશત વચ્ચે તેમ જ ૧૦૦ કરતાં વધારે દેશમાં ઘાતક અને જીવલેણ કોરોનાવાઈરસ ફેલાઈ જતાં ભારતીય શેરબજારમાં આજે ધડામ દઈને ૨૩૫૦ પોઈન્ટનો ઘટાડો નોંધાવ્યો હતો. એક રીતે જોતાં આજે હોળીના દિવસે જ ધોવાણરૂપી હોળીમાં રિલાયન્સના રોકાણકારોના સહિત અન્ય રોકાણકારોના કુલ મળીને અંદાજે ૬ લાખ કરોડની સંપત્તિ સ્વાહા થઈ ગઈ હતી. તો બીજી તરફ પાયમાલ થયેલી ખાનગી યસ બેંકને ઉગારવાના સરકારી પ્રયાસોને પગલે શેરોમાં આજે ઉછાળો જોવા મળ્યો હતો. સાઉદી અરેબિયા રશિયા સાથે પ્રાઈસવોરમાં ઉતરતાં ક્રૂડના ભાવમાં ભારે ગાબડું પડ્યું હતું અને વિશ્વભરના શેરબજારોમાં વેચવાલી જોવા મળી હતી. જેમાં રિલાયન્સ પેટ્રો.ના શેરોને પણ અસર થઈ હતી કંપનીના શેરો ૧૩ ટકા તૂટીને રૂ. ૧,૧૦૫ પર પહોંચી ગયા હતા. જે ઓક્ટોબર ૨૦૦૮ થી સૌથી વધુ ઘટ્યો છે કંપનીના શેરધારકોને એક જ દિવસમાં ૧.૦૮ લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. બપોરે શેરબજાર બંધ થયું ત્યારે સેન્સેક્સ ૧૯૪૧.૬૭ અને નિફ્ટી ૫૩૮ માઈનસ પર બંધ રહ્યા હતા.



આજે હોળીના દિવસે શેરબજાર કામકાજના સપ્તાહના પહેલા દિવસે ખુલતાની સાથે ભારે અને પેનિક સેલીંગ એટલે કે ભારે વેચવાલીના પગલે ઉપરા ઉપરી આંચકા લાગ્યા હતા. અને બજાર તથા નિફ્ટીનો સૂચકાંક વિક્રમી રીતે સડસડાટ નીચે ઉતરી જતાં કડાકા ભડાકા સાથે ભૂકંપ જેવી સ્થિતિમાં બજારનો સોથ વળી ગયો હતો. જો કે જે દેખીતા કારણોને લઈ બજારમાં કડાકો થયો હોવાનું મનાય છે તેના કરતાં કોઈ અન્ય અજ્ઞાત કારણોને લઈને બજારમાં ભારે કટોકટી સર્જાઈ હોવાનો મત પણ વ્યક્ત થઈ રહ્યો હતો. સેન્સેક્સમાં ઈન્ટ્રા-ડેમાં ૨૪૦૦ પોઈન્ટનો અત્યાર સુધીનો સૌથી મોટો કડાકો, શેરબજાર ૩૫,૨૦૦ સપાટીથી નીચે, ઓટો, બેંક, મેટલ, રિફાઈનરી શેરોમાં ભારે ધોવાણના અહેવાલો મળી રહ્યાં હતા.

રોકાણકારોને ૮ લાખ કરોડ રૂપિયાનો ચૂનો

સોમવારે બજારમાં મોટા ઘટાડાથી મિનિટોમાં જ રોકાણકારોના કરોડો રૂપિયા સ્વાહા થઈ ગયા. શુક્રવારે બીએસઈ પર લિસ્ટેડ કુલ કંપનીઓનો માર્કેટ કેપ ૧,૪૪,૩૧,૨૨૪૬૪૧ કરોડ રૂપિયા હતી, જે સોમવારે બજારમાં ઘટાડાથી ૮,૦૫,૯૯૬.૩૧ કરોડ રૂપિયા ઘટીને ૧,૩૬,૨૫,૨૨૮.૧૦ કરોડ રૂપિયા થઈ ગઈ.

કામકાજના અંતે સેન્સેક્સ ૧૯૪૧ના ઘટાડા સાથે ૩૫૬૩૪ની સપાટીએ તો નિફ્ટી ૫૩૮ અંકના ઘટાડા સાથે ૧૦૪૫૧ના સ્તરે બંધ

એક સમયે સેન્સેક્સમાં અધધ ૨૪૦૦ પોઈન્ટનો કડાકો નોંધાયો હતો,ઓટો, બેંક, મેટલ, રિફાઈનરી શેરોમાં ભારે ધોવાણ,નિફ્ટી સાત મહિનાના નીચલા સ્તર પર

રૂ. ૪૨૫૭ કરોડના બજેટમાં થશે ગગનયાત્રા

મિશન ગગનયાનઃ સરકારે ફક્ત ૧૨૦૦ કરોડનું જ ફંડ આપ્યુ

ન્યુ દિલ્હી

ભારતનું પ્રથમ અંતરિક્ષ માનવ મિશન એટલે ગગનયાન. ઈસરોએ આ પ્રોજેક્ટ માટેની તમામ તૈયારીઓ કરી લીધી છે. અને વર્ષ ૨૦૨૦-૨૧માં આ પ્રોજેક્ટ પાછળ ૪૨૫૭ કરોડનો ખર્ચ આંકવામાં આવ્યો છે. આ માટે ઈસરોએ સરકાર પાસે ફંડ માગ્યું હતું. જેમાંથી સરકારે માત્ર ૧૨૦૦ કરોડ રૂપિયા જ આપ્યા છે. એટલે કે મોદી સરકારે ૩૦ ટકા જેટલુ જ ફંડ આપ્યું છે.

આ વિભાગ સાથે જોડાયેલા સાયન્સ એન્ડ ટેકનોલોજી, પર્યાવરણ, વન અને જળવાયૂ પરિવર્તન પર સંસદીય સમિતિએ શુક્રવારના રોજ એક રિપોર્ટ રજૂ કર્યો હતો. જેમાં કહેવાયું હતું કે ગગનયાન પ્રોજેક્ટ દેશ માટે ઘણો મહત્વનો પ્રોજેક્ટ છે. જેની ગ્લોબલ વેલ્યૂ પણ છે. પણ બજેટમાં આ પ્રોજેક્ટ માટે ખાસ રસ દેખાતો નથી. આ સમિતિએ ભલામણ કરી છે કે ગગનયાન પ્રોજકટ માટે ૩ હજાર કરોડ રૂપિયાનું ફંડ આપવામાં આવે.

ઈસરોએ ૨૦૨૦ના અંત સુધીમાં બે માનવરહિત ફ્લાઈટ બનાવવાનો નિર્ણય કર્યો છે. ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ વડાપ્રધાન મોદીએ સ્વતંત્રતા દિવસ પર ગગનયાન પ્રોજેક્ટ બનાવવાની જાહેરાત કરી હતી. આ મિશન અંતર્ગત ભારતના ૩ લોકો ૭ દિવસ સુધી અંતરિક્ષમાં રહેશે.

૧,૦૯,૧૨૨ લોકો સંક્રમિત થયા,ચીનમાં ૪૦ નવા કેસ નોંધાયા

વિશ્વભરમાં કોરોના વાયરસથી મૃત્યુઆંક ૩૮૨૮: ઈટલીમાં એક જ દિવસમાં ૧૩૩ના મોત

બેઈજિંગ/ન્યુ દિલ્હી

ચીનના હુબેઈ પ્રાંતની રાજધાની વુહાનથી ઉદભવેલો કોરોના વાઈરસ અત્યાર સુધીમાં વિશ્વના ૧૦૦થી વધારે દેશમાં ફેલાઈ ગયો છે અને આશરે ૩,૮૨૮ કરતા વધારે લોકોનો ભોગ લીધા છે. આ ઉપરાંત ૧,૦૯,૧૨૨ લોકો વાઈરસને લીધે સંક્રમિત થયા છે. ચીનમાં કોરોનાને લીધે મૃત્યુ પામનાર પૈકી ૮૦ ટકા કેસમાં મૃતકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે. બીજી બાજુ સંક્રમિત લોકોની સંખ્યા સરકારી આંકડાથી ઘણી વધારે હોઈ શકે છે. ચીનમાં અત્યાર સુધીમાં ૩,૧૧૯ લોકોના મોત થયા છે અને ૮૦,૭૩૫ લોકોને સંક્રમણ થયું છે.ચીન બહાર કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે ત્યાં ચીનમાં કોરોનાના કેસની સંખ્યામાં ઝડપભેર ઘટાડો થઈ રહ્યો છે. ચીનના નેશનલ હેલ્થ કમિશનના અહેવાલ પ્રમાણે ચીનમાં સોમવારે ૨૨ લોકોના કોરોનાને લીધે મોત થયા છે.

આ સાથે અત્યાર સુધીમાં ૩,૧૧૯ લોકો કોરોનાને લીધે મૃત્યુ પામ્યા છે. સમગ્ર ચીનમાં સોમવારે ૪૦ નવા કેસ સામે આવ્યા છે, જે જાન્યુઆરી બાદ સૌથી ઓછા છે. બીજી બાજુ ઈટલીમાં કોરોનાને લીધે છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૩ લોકોના મોત થતા હાહાકાર મચી ગયો છે. ઈરાનમાં રવિવારે કુલ ૪૯ કોલોના કોરોનાને લીધે મોત થયા છે. ઈરાનમાં ૨૪ કલાકમાં મૃત્યુનો આ સૌથી મોટો આંક છે. ઈરાનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૪૩ નવા કેસની પૃષ્ટી થઈ છે અને મૃત્યુઆંક પણ ૧૯૪ પહોંચી ગયો છે. ઈટલીમાં રવિવારે કોરોના વાઈરસથી મૃત્યુની ઘટનામાં વિશ્વમાં બીજુ સ્થાન હાંસલ કરી લીધું. ચીનમાં સૌથી વધારે મોત થયા છે. ઈટલી બાદ દક્ષિણ કોરિયાનું નામ છે, જ્યાં કોરોના વાઈરસના કેસ ઝડપથી વધી રહ્યા છે.ઈટલી નાગરિક સુરક્ષા એજન્સીના જણાવ્યા પ્રમાણે હાર્ડબોન લોમ્બાર્ડી ક્ષેત્રમાં સૌથી વધારે મોત થયા હોવાનુંસામે આવ્યું છે. અહીં મૃત્યુઆંક લગભગ ત્રણ ગણોછે. રવિવારે વધુ ૧૩૩ લોકોના મોત થતા ઈટલીમાં કુલ મૃતકોની સંખ્યા ૩૬૬ થઈ ગઈ છે. ઈટલીમાં ચીનની બહાર સૌથી વધારે મોત થયા છે. એક જ દિવસમાં કોરોના વાઈરસના સંક્રમણના દર્દી ૧,૪૯૨ વધી ૭,૩૭૫ થઈ ગયા છે.

ઈલાહાબાદ હાઈકોર્ટનો આદેશ, હિંસા આરોપીઓના ફોટા ધરાવતા હોર્ડિંગ્સ હટાવો

પ્રયાગરાજ

ઈલાહાબાદ હાઈકોર્ટે લખનઉમાં દીવાલ પર તેમજ હોર્ડિંગ્સ પર લાગેલા ઝછછને લઈને થયેલી હિંસા કરનારાઓના પોસ્ટર હટાવવા આદેશ કર્યો છે. નાગરિકતા સંશોધન કાયદા (CAA) વિરુદ્ધ પ્રદર્શન દરમિયાન લખનઉમાં થયેલી હિંસક ઘટનાઓમાં સાર્વજનિક સંપત્તિને પહોચેલા નુકસાનની ભરપાઇ માટે તંત્ર તરફથી આરોપીઓના તસવીર ધરાવતી હોર્ડિંગ લગાવવા મામલે ઇલાહાબાદ હાઇકોર્ટે નિર્ણય સંભળાવ્યો છે. હાઇકોર્ટે આ હોર્ડિંગ્સને હટાવવાનો આદેશ કર્યો છે.

મહત્વપૂર્ણ છે કે કોર્ટે આ મામલે ૮ માર્ચે રવિવારે રજાના દિવસે સુનાવણી કરી હતી. કોર્ટે આ મામલે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને ડિવિજનલ પોલીસ કમિશનરને સમન્સ પાઠલ્યુ હતું. વકીલ કેકે રાય અનુસાર, "(આ મામલે) ચીફ જસ્ટિસે હોર્ડિંગ્સ પર તસવીર લગાવવાને લઇ એક વ્યક્તિની અંગત અને સમ્માનનું ઉલ્લંઘન ગણાવ્યુ છે."

ઈલાહાબાદ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ ગોવિંદ માથુરની અધ્યક્ષતા ધરાવતી ડિવિજન બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી.

બેરલ દીઠ ભાવ ૩૧ ડોલર નજીક પહોંચ્યા,પેટ્રોલ-ડિઝલ સસ્તા થશે

ક્રુડ ઓઈલના ભાવમાં ઐતિહાસિક ઘટાડો, ૧૯૯૧ના ગલ્ફ યુદ્ધ બાદ સૌથી નીચે

મુંબઇ

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. સાઉદી અરબ દ્વારા રશિયા સાથે પ્રાઈસ વૉર શરુ કરાતાં આ કિંમતોમાં ઘટાડો થયો છે જે ૧૯૯૧ પછીનો સૌથી મોટો ઘટાડો છે. આ ઉપરાંત કોરોના વાયરસ પ્રકોપને કારણે ક્રૂડની માંગ ઘટી રહી છે જેથી વેચવાલીના દબાણમાં તેના પુરવઠામાં તેજી જોવા મળી છે. OPEC અને સહયોગીઓ વચ્ચે બેઠક પડી ભાંગી હતી તેમજ ક્રૂડ ઉત્પાદનમાં કાપ મુકવા અંગે કોઈ સમજૂતી થઈ શકી નથી.

આંતરરાષ્ટ્રીય બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર ૧૪.૨૫ ડોલર એટલે કે ૩૧.૫ ટકા તૂટીને ૩૧.૦૨ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. તે ૧૭ જાન્યુઆરી ૧૯૯૧ પ્રથમ ખાડી યુદ્ધ શરુ થવા અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૬ બાદ ક્રૂડની કિંમતોમાં સૌથી મોટો ઘટાડો છે. બીજી તરફ અમેરિકી વેસ્ટ ટેક્સસ ઈન્ટરમિડિયેટ ક્રૂડની કિંમતો પણ ૧૧.૨૮ ડોલર એટલે કે ૨૭.૪ ટકા ઘટીને ૩૦ ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ છે. ઉૅમાં આ જાન્યુઆરી ૧૯૯૧ બાદનો સૌથી મોટો ઘટાડો છે અને ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૬ પછીનું સૌથી નીચલું સ્તર છે. હાલ તે ૩૨.૬૧ પ્રતિ ડોલર પર ટ્રેડ કરી રહ્યું છે.

સાઉદી અરેબિયાએ તેલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે અને આવતા મહિનાથી ઉત્પાદન વધારવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા બે મહિનામાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૫૦% થી વધુનો ઘટાડો થયો છે. ૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ક્રૂડની કિંમત પ્રતિ બેરલ ૭૧.૭૫ ડોલર થઈ હતી. ત્યારબાદ ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ક્રૂડ ઓઈલના આ ઘટાડાની સીધી અસર ભારતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો પર પણ પડશે.

રાજ્યસભામાં ધાંધલ ધમાલ: ગત્ સપ્તાહે માત્ર ત્રણ કલાક કામ થયું

ન્યુ દિલ્હી

બજેટ સત્રના બીજા તબક્કામાં ગત સપ્તાહ દરમિયાન રાજ્યસભામાં વિરોધ પક્ષે કરેલી ધાંધલને લીધે ત્રણ કલાક કામ થઈ શક્યું હતું. દિલ્હીમાં થયેલી હિંસાને મામલે ચર્ચા કરવાની હઠે ચડેલા વિરોધ પક્ષે રાજ્યસભામાં કશું કામ થવા નહોતું દીધું.

સપ્તાહ દરમિયાન પોતાની વાતે ચર્ચા કરવાની માગણી સાથે વિરોધપક્ષે કરેલી ધાંધલને લીધે ૨૮.૩૦ કલાકમાંથી ૨૬.૪૮ કલાક વેડફાયા હતા. પહેલા સપ્તાહ દરમિયાન રાજ્યસભામાં બે કલાક ૪૨ મિનિટ જ કામ થઈ શકયું હતું.

વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં વિવિધ મંત્રાલયો માટે કરવામાં આવેલા પ્રસ્તાવ વિશે જે તે વિભાગને સંબંધિત સ્ટેન્ડિંગ કમિટીઓ દ્વારા વિચાર કરી શકાય એ માટે પડેલી રિસેસ બાદ સોમવારે બજેટ સત્રનો બીજો તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો.

આ સિવાય સ્ટેન્ડિંગ કમિટીની બેઠક દરમિયાન પચાસ ટકા સાંસદ ગેરહાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ૫૭ ટકા ટીએમસીના સાંસદ, ભાજપના ૩૬ ટકા સાંસદ, કૉંગ્રેસના ૧૫ ટકા સાંસદ અને અન્ય પક્ષોના ૫૦ ટકા સાંસદે રાજ્યસભાની આઠ કમિટીની બેઠકમાં ભાગ લીધો નહોતો.

આ બેઠકો બજેટ સત્રની રીસેસ દરમિયાન ૧૨ ફેબ્રુઆરીથી ૧ માર્ચ વચ્ચે યોજવામાં આવી હતી.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

મોદી અને યોગીનો જાદુ

ઉત્તરપ્રદેમાં ભારતીય જનતા પાર્ટીની આક્રમક નીતી સામે અન્ય રાજકીય પક્ષો નિષ્ફળ સાબિત થઇ રહ્યા છે. હજુ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બસપાને તકલીફ રહી શકે છે. ચૂંટણી હોય કે ચૂંટણી બાદની સ્થિતી હોય. સ્થિતી એ છે કે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી તેમજ કોંગ્રેસ પાસે હવે ભારતીય જનતા પાર્ટીની આક્રમક રણનિતીનો કોઇ જવાબ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથની જોડીના જાદુ સામે માયાવતી, અખિલેશ યાદવ અને પ્રિયંકા વાઢેરા પરેશાન છે અને તેમની પાસે કોઇ જવાબ નથી. આ તમામ પક્ષો ભારતીય જનતા પાર્ટીથી પોતાના સેનિકોને બચાવી લેવામાં નિષ્ફળ સાબિત થઇ રહી છે. એક એક કરીને તમામ વરિષ્ઠ સભ્યો આ પાર્ટીને છોડીને ભાજપની સાથે હાથ મિલાવી રહ્યા છે. હજુ સુધી નેતા પાર્ટી ઓફિસ પર જઇને પોતાની રજૂઆત કરતા હતા. જો કે હવે તો વિધાનસભાની અંદર જ ભાજપની સાથે જવામાં સભ્યોને કોઇ સંકોચ નથી. હવે પરિણામ તો એ છે કે આ દળોના સેનાપતિના નેતૃત્વ પર પણ સવાલ ઉઠી રહ્યા છે. જેમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ મુલાયમ સિંહ પણ સામેલ છે. બહુજન સમાજવાદી પાર્ટીના નેતાઓ પર પ્રશ્નો થઇ રહ્યા છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા વાઢેરાની સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. તમામ પાર્ટીઓ હાલની નિરાશાના કારણે પરેશાન છે. તેમના નેતાઓ અને કાર્યકરો નિરાશ થયેલા છે. જે રીતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને નેતાઓનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે તે જોતા તેની સામે આ રાજકીય પક્ષો ફ્લોપ સાબિત થઇ રહ્યા છે. આ જ કારણસર આ પાર્ટીઓના નેતાઓ ભાજપમાં સામેલ થઇ રહ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય અદિતિની કાર્યવાહીમાં સામેલ થવાના વ્યક્તિગત કારણો પણ દર્શાવવામાં આવી રહ્યો . કોંગ્રેસ પાર્ટીને તો દેશના જુદા જુદા રાજ્યોમાં એક પછી એક ફટકા પડી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીની હાલત ઉત્તરપ્રદેશમાં ખુબ ખરાબ છે. કોંગ્રેસ પાર્ટીના કાર્યક્રમોમાં લોકો પહોંચી રહ્યા નથી. સરકારની નિતીઓની સામે પણ વિરોધ પક્ષો ફ્લોપ સાબિત થઇ રહ્યા છે. વર્ષ ૨૦૧૭ બાદથી હજુ સુધી મોટી સંખ્યામાં અન્ય પાર્ટીના લોકો ભાજપમાં સામેલ થઇ ચુક્યા છે. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ તો હાલના સમયમાં નેતૃત્વ વગર ચાલી રહી છે. કોંગ્રેસના પ્રદેશ અધ્ય.ક્ષ રાજ બબ્બરની પાસે ઉત્તરપ્રદેશ માટે એટલો સમય જ નથી જેટલો સમય એક કુશળ નેતા પાસે હોવો જોઇએ. આ જ કારણસર કોંગ્રેસના મોટા મોટા નેતાઓ પાર્ટી સાથે છેડો ફાડી ચુક્યા છે. જેમાં રીટા બહુગુણા, રામ સજીવનનો સમાવેશ થાય છે. ભારતીય જનતા પાર્ટી સામે ટક્કર લેવા માટે કોંગ્રેસ. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી તેમજ કોંગ્રેસ પાર્ટીને શાનદાર રીતે રણનિતી તૈયાર કરીને આગળ વધવાની જરૂર છે. વિરોધ પક્ષો લડાયક મુડમાં આવીને સરકારની નીતિઓને લઇને રચનાત્મક રીતે પ્રચાર કરે તે જરૂરી છે. સાથે સાથે સતત લોકોની વચ્ચે રહીને પાર્ટીની સ્થિતીને મજુબુત કરી શકાય છે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ છેલ્લા કેટલાક સમયથી બિલકુલ નિષ્ક્રિય દેખાઇ રહ્યા છે. હાલમાં મોદી, અમિત શાહ અને યોગી આદિત્યનાથ દ્વારા વિરોધ પક્ષોને દુવિધામાં મુકે તેવી રણનિતી અપનાવવામાં આવી રહી છે જેના કારણે તેમની પાસે જવાબ મળી રહ્યા નથી.

યુપીમાં અખિલેશ, પ્રિયંકા અને માયાવતી પાસે ભાજપના પ્રશ્નનો કોઇ જવાબ નથી

ધુળેટીને સારી રીતે સેલિબ્રેટ કરવાની તૈયારી તમામે પૂર્ણ કરી...

હોળી મસ્તી વચ્ચે જરૂરી સેફટી ટિપ્સ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રંગોના તહેવાર ધુળેટીની ઉજવણી મંગળવારના દિવસે ૧૦મી માર્ચના દિવસે કરવામાં આવનાર છે. આને લઇને તમામ લોકો દ્વારા તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી છે. રંગોમાં રંગાઇ જવા માટે લોકો ઉત્સુક બનેલા છે. અવસર રંગોના તહેવાર સાથે સંબંધિત હોય અને ઉજવણી કરવામાં ન આવે તે કઇ રીતે શક્ય છે. હોળીના રંગમાં કોઇ પણ પ્રકારના ભંગ ન પડે તે માટે આપને ખાસ કાળજી રાખવાની જરૂર હોય છે. કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીને શાનદાર રીતે ઉજવણી કરી શકાય છે. હોળીને રંગીન બનાવી દેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આ વર્ષે કોરોના વાયરસ ફેલાયો હોવાના કારણે લોકોની વચ્ચે વ્યાપક દહેશત દેખાઇ રહી છે. જેથી લોકો મોટા ભાગે આ વખતે ભીડભાડવાળી જગ્યાએ જઇને હોળી મનાવવાની યોજનાને ટાળી રહ્યા છે. જો કે વર્ષના પ્રથમ સૌથી મોટા તહેવાર તરીકે આવે ત્યારે લોકો પોતાને રંગોથી કઇ રીતે દુર રાખી શકે છે. હોળીના તહેવારની સાથે એક બાબત પણ આવે છે તે આફ્ટર ઇફેક્ટ્સ હોય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પહેલા એકબાજુ ફુલો અને નેચરલ ચીજો મારફતે રંગ બનાવવામાં આવતા હતા. જ્યારે હવે પૂર્ણ રીતે કેમિકલ અને ટોક્સિન્સ સાથે સંબંધિત કલર હોય છે. આ કેમિકલ અને ટોક્સિન્સથી ભરેલા કલર હોય છે. જેની સ્કીન પર માઠી અસર થાય છે. વાળ પર પણ તેની ખુબ માઠી અસર થાય છે. આવી સ્થિતીમાં જો કેટલીક જરૂરી સાવધાની રાખશો તો આપને ફાયદો થઇ શકે છે. સાથે સાથે હોળીના રંગમાં ભંગ પડી શકશે નહીં. સાથે સાથે ખુબ શાનદાર રીતે હોળીની ઉજવણી કરી શકાશે. ધુળેટીને લઇને કેટલીક જરૂરી ટિપ્સ રહેલી છે. જે પૈકી પહેલી બાબત એ છે કે રંગોના તહેવારની ઉજવણી કરતા પહેલા વાળ અને સ્કીન પર તેલ લગાવી દેવામાં આવે તે જરૂરી છે. હોળી રમતા પહેલા ખુબ જરૂરી છે કે તમે તમારી સ્કીનની સાથે સાથે વાળમાં પણ સારી રીતે તેલ લગાવી દેવામાં આવે. આના કારણે તેલ રંગ



હોળીના રંગમાં ભંગ ન પડે તે માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી : હોળીને સાવધાની રાખી રંગીન કરી શકાય

અને આપની સ્કીન વચ્ચે પ્રોટેક્ટિવ લેયરનુ કામ કરે છે. આના કારણે રંગ આપની સ્કીનને કોઇ નુકસાન કરી શકશે નહીં. તમે ઇચ્છો તો આના માટે બાદામ તેલ,નારિયલ તેલ અથવા તો ઓલિવ તેલનો ઉપયોગ કરી શકો છો. વાળની જડથી લઇને કિનારા સુધી સારી રીતે તેલ લગાવી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ વાળને સારી રીતે બાંધી દેવામાં આવે તે જરૂરી હોય છે. સ્કીનની વાત કરવામાં આવે તો રંગના પ્રભાવથી બચવા માટે ચહેરા, હાથ અને પગને સારી રીતે તેલ લગાવી દેવામાં આવે તે જરૂરી છે. તમે ઇચ્છો તો પહેલા સ્કીન પર મોઇશ્ચરાઇઝ લગાવી શકો છો. હોળી રમતી વેળા આંખનુ ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે રંગને ઘેરા બનાવી દેવા માટે કેટલીક વખત તેમાં ખતરનાક કેમિકલ ઉમેરી દેવામાં આવે છે. જે જો આંખમાં જતા રહે તો તેઝ બળતરા થાય છે. આના કારણે આંખને ભારે નુકસાન થાય છે. જેથી સનગ્લાસ અને અન્ય કોઇ ચશ્મા લગાવી લેવાથી ફાયદો થાય છે. સન ગ્લાસ લગાવી લીધા બાદ પણ જો આંખની અંદર કલર જતા રહે તો તરત જ સાફ પાણીથી સાફ કરી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ ગુલાબ જળના કેટલાક ટિકા નાંખી દેવાની જરૂર હોય છે. સામાન્ય રીતે બાળકો હોળીના પ્રસંગે બેલુન રસ્તા પર લોકો પર ફેંકે છે. આવુ બિલકુલ કરવુ જોઇએ નહીં. આના કારણે કોઇને ફેકચર થઇ શકે છે. અથવા તો અન્ય કોઇ પ્રકારની ઇજા થઇ શકે છે. કોઇ પણ પ્રકારના નશાથી દુર રહેવામાં આવે તે પણ જરૂરી છે. હોળીના પ્રસંગે લોગો મસ્તીની સાથે સાથે જોરદાર રીતે ખાવાપીવાની મજા લેવામાં આવે છે. આ ગાળા દરમિયાન લોકો ભાંગ અને આલ્કોહલનો ઉપયોગ પણ ભરપુર પ્રમાણમાં કરે છે. જો કે દરેક ચીજનો ઉપયોગ લિમિટમાં રહીને કરવામાં આવે તે જરૂરી છે. જો તમે ડ્રાઇવિગ કરનાર છો તો નશાની ચીજોનો કોઇ પણ રીતે ઉપયોગ કરવો જોઇએ નહીં. જો તમે ડાયાબિટીસના દર્દી છો તો કેટલીક ચીજોને લઇને સાવધાની રાખવામાં આવે તે જરૂરી હોય છે. શુગરના દર્દીને ખાવાપીવાની ચીજોને લઇને સાવધાની રાખવાની જરૂર હોય છે. જો તમે અસ્થમાના દર્દી છો તો હોળીની મસ્તી અને ઉત્સાહમાં એવુ કોઇ કામ ન કરો જેના કારણે શ્વાસ ફુલવા લાગી જાય. હાર્ટના ધબકારા વધી જાય. હોળીના અવસર પર ઉડનાર ગુલાલ અને રંગ અસ્થમાના દર્દીને નુકસાન કરી શકે છે. આવા દર્દીને હોળીને દિવસે બહાર નિકળવુ જોઇએ નહીં. જો તમને રંગોથી એલર્જી છે અથવા તો કોઇ પ્રકારની સમસ્યા છે તો હોળીના રંગથી અંતર રાખવાની જરૂર હોય છે. હાલના દિવસોમાં માર્કેટમાં અનેક પ્રકારના રંગ મળે છે. જો ઇચ્છા છે તો તમે ફુળવાળી હોળી રમી શકો છો. ધુળેટીની ફઉજવણી કરતી વેળા તમામ કાળજી રાખવામાં આવે તો કોઇ તકલીફ રહેતી નથી. રંગમાં ભંગ ન પડે તે માટે જરૂરી સાવધાની જરૂરી છે.

હાલમાં દુનિયાના દેશોમાં કોરોના વાયરસને લઇને હાહાકાર છે

હોળી : કોરોના વાયરસથી બચાવ કરો

ચીનથી દુનિયાભરમાં ફેલાયેલા ખતરનાક કોરોના વાયરસની અસર હવે ભારતમા પણ દેખાઇ રહી છે. સોશિયલ મિડિયા પર ચાલી રહેલી અફવા અને અને તોર તરીકા પર વિશ્વાસ કર્યા વગર આગળ વધવાની જરૂર છે. મનથી કોઇ પણ પ્રકારની દવા લેવી જોઇએ નહીં. તબીબો વારંવાર હાથ ધોવાની સલાહ એટલા માટે આપી રહ્યા છે કે તેના વાયરસ સપાટી પર વધારે રહે છે. હાથ ધોઇ નાંખવામાં આવે તો તેના સંપર્કમાં આવતા ખતરાને ઘટાડી શકાય છે. આનાથી બચવા માટેના કેટલાક તરીકા રહેલા હોય છે. હોળીના રંગમાં ભંગ ન પડે તે માટે કોરોના વાયરસને લઇને પણ સાવધાન રહેવાની જરૂર હોય છે. કોરોના વાયરસને લઇને હજુ પણ લોકો પાસે પુરતી માહિતી નથી. કઇ રીતે કોરોના ફેલાય છે તેની વાત કરવામાં આવે તો રોગીને ખાંસી ખાતી વેળા, છીંક ખાતી વેળા અને મોમાંથી નિકળનાર નાની નાની બુન્દોના કારણે સંપર્કમાં આવવાથી તેની અસર થાય છે. દર્દીની આસપાસ રહેવાથી પણ તે ફેલાઇ શકે છે. તેના વસ્ત્રો વાંસણના ઉપયોગ કરવાથી તેની અસર થાય છે. જે લોકોની રોગ પ્રતિકારક ક્ષમતા નબળી છે તે લોકોને આ બિમારી વહેલી તકે લાગી જાય છે. ડાયાબિટીસ, હાર્ટ અને ફેફસાના રોગીની સાથે સાથે કિમિયોથેરાપી કરાવી ચુકેલા દર્દીઓમાં તેની શંકા રહે છે. આના લક્ષણની વાત કરવામાં આવે તો તેજ તાવ આવે છે. ખાંસી થાય છે. માથામાં દુખાવો રહે છે. ગળામાં ખરાશ રહે છે અને બળતરા થાય છે. શ્વાસ લેવામાં તકલીફ થાય છે. કોરોનો વાયરસનો બચાવ કઇ રીતે કરવામાં આવે તે અંગે પુછવામાં આવે ત્યારે તબીબો અને નિષ્ણાંતો કહે છે કે દિવસમાં અનેક વાર સતત સાબુથી હાથ ધોઇ નાંખવાની જરૂર હોય છે. આંખ, નાક એ કાન પર વારંવાર હાથ લગાવવા જોઇએ નહી.



દિવસમાં અનેક વખત સાબુથી હાથ ધોઇ નાંખવાની જરૂર છે : ભીડવાળા વિસ્તારોમાં જવાને ટાળવાની જરૂર : ગળે મળવાથી બચો

ભીડવાળા વિસ્તારોમાં જવાની ટેવ રાખવી જોઇએ નહીં. જેના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે તેવી ચીજોનો વધારે ઉપયોગ કરવાની જરૂર હોય છે. ખાસી ખાતી વેળા અથવા તો છીંક ખાતી વેળા મો અને નાંખને સારી રીતે બંધ કરી દેવામાં આવે તે જરૂરી છે. શ્વાસના રોગી પાસે જવુ જોઇએ નહીં. કાચા પકવેલા માંસનો ઉપયોગ કરવો જોઇએ નહીં. બજારના ભોજનને ટોળવાના પ્રયાસ કરવાની જરૂર હોય છે. પાલતુ પશુઓથી પણ અંતર રાખવામાં આવે તે જરૂરી છે. રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવા માટે તુલસી, કાલી મિરચી અને હળદર એક સાથે ઉકાળીને તેને મિક્સ કરી શકાય છે. પ્રાણાયામ અને અન્ય યોગ કરવાથી પણ લાભ થાય છે. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે હોમિયોપેથી દવા આર્સેનિક અલબમ અસરકારક તરીકે છે. તે રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવા માટે સારી દવા છે. આની ૩૦ માત્રામાં પાંચ પાંચ બુન્દો ત્રણ દિવસ સુધી કાલી પેટમાં લેવાથી રોગપ્રતિકારક ક્ષમતા વધી જાય છે. આના કારણે ઇન્ફેક્શનના રોગ થતા નથી. કોરોના વાયરસના કારણે દહેશત અકબંધ છે. કોરોના વાયરસના કારણે હાલમાં સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. ચીનમાં હુબેઇ પ્રાંતમાં સૌથી વધારે અસરગ્રસ્ત લોકો છે. સાથે સાથે મોતનો આંકડો પણ અહીં જ સૌથી વધારે નોંધાયો છે. બચાવ અને રાહત કામગીરીમા આરોગ્ય કર્મચારીઓ એટલી હદ સુધી લાગેલા છે કે તેમને જોઇને સલામ કરી શકાય છે.દેશમાં આ વાયરસ ફેલાઇ જતા પહેલા સેન્ટ્રલ હુબેઇ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. ચીનમાં સાવેચેતીના તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કોરોના વાયરસ બેકાબુ છે.કોરોના વાયરસના કારણે વિશ્વના ૧૦૪ દેશોમાં હાહાકાર મચી ગયો છે. કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને ૩૮૩૦ સુધી પહોંચી ગયો છે. જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૧૧૦૦૭૭ સુધી પહોંચી ગઇ છે. વિશ્વના દેશોમાં ગંભીર રીતે બિમાર રહેલા દર્દીઓની સંખ્યા ૫૯૭૭ સુધી પહોંચી ગઇ છે. વિશ્વના દેશોમાં બંધ કરી દેવામાં આવેલા કેસોની સંખ્યા ૬૬૧૧૦ સુધી પહોંચી ગઇ છે. સ્થિતીમાં હાલ કોઇ સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. આવી જ રીતે ચીનમાં કેસોની સંખ્યા ૮૦૭૩૫ સુધી પહોંચી ગઇ છે. જ્યારે મોતનો આંકડો એકલા ચીનમાં ૩૧૧૯ સુધી પહોંચી ગયો છે. દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી પર આવી રહ્યા છે .

ઘઉં, ગુલાબ અને ચંદનથી રંગ તૈયાર કરી શકાય

ઘરમા પ્રાકૃતિક રંગ તૈયાર કરો



હર્બલ કલરના નામ પર માર્કેટમાં કેમિકલવાળા રંગ અબીર અને ગુલાલનુ વેચાણ કરવામાં આવે છે. આના કારણે સ્કીન, આંખ અને વાળને અનેક રીતે નુકસાન થાય છે. કેટલીક વખત કેમિકલ્સના કારણે બાળકો, સગર્ભા મહિલાઓ અને મોટી વયના લોકોને નુકસાન વધારે થાય છે. આનાથી બચવા માટે ઘરમાં પ્રાકૃતિક ફુલ, ફળ અને પાંદડા સાથે રંગ તૈયાર કરવામાં આવી શકે છે. લાલ રંગની વાત કરવામાં આવે તો તો તે લાલ ચંદન પાઉડરનો ઉપયોગ ફેસફેક માટે કરવામાં આવી શકે છે. બે ચમચી લાલ ચંદન પાઉડરને પાંચ લીટર પાણીમાં સૌથી પહેલા ઉકાળી લેવામાં આવે છે. આ ચહેરા પર થતા કાળા નિશાનને પણ દુર કરવામાં મદદરૂપ બને છે. પાણીને ઉકાળી લીધા બાદ તેમાં ૨૦ લીટર પાણી મિક્સ કરવામાં આવે છે. આની સાથે જ લાલ રંગ તૈયાર કરી શકાય છે. અનારની છાળને પાણીમાં ઉકાળીને પણ લાલ રંગ બનાવી શકાય છે. લાલ ગુલાબ અને અને રહેલી પાંખોને પીસી કાઢવામાં આવે છે. ત્યારબાદ તેમાં લોટ મિક્સ કરી દેવામાં આવે છે. આવુ કરવાથી કુદરતી લાલ રંગ તૈયાર કરવામાં આવી શકે છે. પીળા રંગને તૈયાર કરવાની વાત કરવામાં આવે તો બે ચમચી હળદર પાઉડરમાં ચણાના લોટને મિક્સ કરવામાં આવે છે. આ સ્કીન માટે સારા હર્બલ ગુલાલ તરીકે હોય છે. સંતરાની છોળનો ઉપયોગ પણ આના માટે કરવામાં આવે છે. અન્ય અનેક પ્રકારના કલર પણ આ રીતે તૈયાર કરવામાં આવે છે. લીલા રંગને તૈયાર કરવાની વાત કરવામાં આવે તો ઘઉ, ધનિયા અને પાલકના પત્તાને સુખાવી દીધા બાદ તેને પીસી લઇને પાઉડર તૈયાર કરવામાં આવે છે. સુખાયેલી મહેંદીના પત્તાને લઇને પાઉડર બનાવી દેવામાં આવે છે. તેમાં લોટ મિક્સ કરવામાં આવે છે. પાલક, મુળા, ગાજરને આવરી લઇને પણ કલર તૈયાર કરવામાં આવી શકે છે.

જ્યારે ડિઓડરેંટના દાગ લાગે

ડિઓડરેન્ટના વસ્ત્રો પર લાગી જતા દાગને છોડાવવા માટે અમે પોતાના વસ્ત્રોને લોન્ડ્રીમાં આપી દઇએછીએ. તેની સફાઇ કેમિકલ્સ મારફતે વધારે સારી રીતે થઇ શકેતે હેતુ સાથે અમે લોન્ડ્રીમાં વસ્ત્રો આપી દઇએ છીએ. જો કે આ દાગને છોડાવી દેવા માટે કેટલાક સ્થાનિક વિકલ્પો પણ રહેલા છેજેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે. ડિઓડરેન્ટમાં કેટલાક પ્રકારના હાનિકારક કેમિકલ્સ રહેલા હોય છે. જેથી તેની ખરીદી કરતી વેળા સાવધાની રાખવામાં આવેતે જરૂરી છે. સસ્તી કિંમતમાં બજારમાં ઉપલબ્ધ રહેલા ડિઓ કોઇ પણ કિંમતે ખરીદવા જોઇએ નહીં. હાઇડ્રોજન પેરોક્સાઇડ અને પાણીને બરોબરના હિસ્સામાં લઇને તેમા વસ્ત્રોમાં રહેલા દાગને પલાડી દેવાની જરૂર હોય છે. માત્ર સફેદ વસ્ત્રો જ આમાં પલાડવા જોઇએ. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે હાઇડ્રોજન પેરોક્સાઇડમાં બ્લિચિંગના ગુણ હોવાના કારણે રંગીન વસ્ત્રો બેરંગ હોઇ શકેછે. મીઠુ પણ દાગ છોડાવી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. બેન્કિંગ સોડા પણ ઉપયોગી સાબિત થઇ શકેછે. બેન્કિંગ વસ્ત્રો ધોવાવાળા સોડજાને પાણીમાં મિક્સ કરીને આ મિશ્રણને ટુથબ્રથથી દાગ પર ધીમે ધીમે રગડવાથી સફળતા મળે છે. સફેદ વસ્ત્રો પર હાઇડ્રોજન પેરોક્સાઇડના પાણીના ટપકા પણ દાગ પર માર કરી શકે છે. સફેદ સિરકા પણ દાગને દુર કરવામાં ઉપયોગી છે. આ ગે કહેવામાં આવે છે કે બે મોટી ચમચીમાં સિરકાને સૌથી પહેલા મિક્સ કરવામાંઆવેછે. ત્યારબાદ વસ્ત્રોને તેમાં થોડાક સમય માટે પલાડી દેવામાં આવે છે. આનાથી દાગ જતા રહે છે. લિમ્બુ રસ પણ ઉપયોગી સાબિત થાય છે. લિમ્બુ રસ પાણીમાં બરોબર પ્રમાણમાં મિક્સ કરીને દાગ પર રગડવામાં આવેછે. આ કેમિકલસનો ઉપયોગ કરતી વેળા સાવધાની જરૂરી હોય છે. સ્કીન અને આંખમાં સ્પર્શ ન થાય તે બાબતને ધ્યાનમાં લેવાની જરૂર હોય છે.

ઘરમાં હેલ્થ કિટ પણ રાખો

હોળીના પ્રસંગે કેટલીક વખત નાની મોટી ઇજા પણ થઇ જાય છે. આંખમાં બળતરા થાય છે. એલર્જી થાય છે. ચક્કર આવવા જેવી સમસ્યા થઇ શકે છે. આવી સ્થિતીમાં ઘરમાં જ ફર્સ્ટ એડ કિટ રાખવામાં આવે તે જરૂરી છે. હાલના સમયમાં મૌસમમાં ફેરફારો પણ થાય છે. જો પાણીવાળી હોળી રમો છો તો શરદીની સાથે સાથે ખાસી, ઉધરસ થઇ શકે છે. આનાથી બચવા માટે ઘરમાં તાવ અને પિડાથી બચવા માટે પેરાસિટેમોલ દવા રાખવામાં આવે તે જરૂરી છે. હળવી ઇજા અથવા તો કાપ થવાની સ્થિતીમાં એન્ટીસેપ્ટિક લોશનનો ઉપયોગ કરી શકાય છે. આનાથી ધોઇ કાઢવાની જરૂર હોય છે. ધુળેટીના પર્વ પર જોરદાર રીતે રંગો સાથે રમ્યા બાદ કેટલાક લોકોને એલર્જીની સમસ્યા હોય છે. આનો સામનો કરવા માટે એન્ટી એલર્જિક દવાનો ઉપયોગ કરી શકાય છે. તબીબી સલાહ પણ આવી દવા ઘરમાં રાખી શકાય છે. સ્કીન એલર્જી હોવાની સ્થિતીમાં નારિયળ તેલ લગાવી શકાય છે. આવી જ રીતે આંખમાં રંગ પડવાની સ્થિતીમાં આંખને રગડવાના બદલે પાણીથી સાફ કરવાની જરૂર હોય છે. રગડવાથી પિડા વધી શકે છે. આનાથી બચવા માટે કેટલાક પ્રકારના ડ્રોપ પણ બજારમાં મળે છે. ધ્યાન રાખવા માટેની બાબત એ હોય છે કે એક મહિના પહેલા ખુલેલી ડ્રોપને ઉપયોગમાં લેવી જોઇએ નહીં. બીજા બાજુ કલરની હોળી રમી લીધા બાદ રંગને ઉતારી દેવા માટે પણ કેટલીક રીત રહેલી છે. રંગને ઉતારવાનો સમય આવે છે ત્યારે કેટલીક સમસ્યા આવે છે. કેટલીક વખત તો સ્કીનને નુકસાન થઇ જાય છે. જો ચહેરા પર રંગ વધારે પ્રમાણમાં છે તો લિમ્બુ રસ દહી, ચંદનનો ઉપયોગ કરી શકાય છે.

ફિલ્મી ગપસપ...

અંગૂરી ભાભી શિલ્પા શિંદેનો સિદ્ધાર્થને પડકાર: સીસીટીવી મારી પાસે છે શાંત રહેજે નહિ તો...

મુંબઈ

એક્સ બિગ બોસ વિનર શિલ્પા શિંદેએ સિદ્ધાર્થ શુક્લા પર કેટલાક દિવસો પહેલા ગંભીર આરોપો નાંખ્યા હતા. તેનું કહેવું છે કે, સિદ્ધાર્થ સાથે તેનું અફેર છે. સિદ્ધાર્થ તેને માર મારતો હતો અને ગાળો પણ આપતો હતો. વાત ત્યાં સુધી હતી કે, તેના પર એસિડ ફેંકવાની પણ ધમકી આપી હતી. પરંતુ હવે શિલ્પા શિંદેનો એક નવો જ વીડિયો બહાર આવ્યો છે. જેમાં ફરી સિદ્ધાર્થની ક્લાસ લેવામાં આવી છે અને ધમકી આપી છે.

વીડિયોમાં શિલ્પા મીડિયા પર ભડકી છે. ત્યારબાદ સિદ્ધાર્થ પર હુમલો કર્યો.



હીરોઈને કહ્યું કે- જો તમને ના ખબર હોય તો તમારા પીઆરને ઈન્ફોર્મ કરો. કારણ કે તે કહે છે કે હું ખોટું બોલી રહ્યું છું. જો આવી જ ખબર આવતી રહેશે કે હું ખોટું બોલું છું તો ક્લિપ મારી પાસે છે. મારી જિંદગીનો એ માત્ર પથી

૧૦ ટકા ભાગ છે. જો ૧૦૦ ટકા બહાર કાઢીશ તોપ જો તમને એવું લાગે કે મારી પર આંગળી ઉઠાવશો કે હું ખોટું બોલી રહી છું તો નહીં ચાલે.

શિલ્પાએ આગળ વાત કરી કે, બધા લોકોને મારો અનુભવ છે. મારે કંઈપણ કહેવાની જરૂર નથી. તો મહેરબાની કરીને તમારું ધ્યાન રાખો. મારી પાસે તારી વિરુદ્ધ કેટલાય સબુત છે. મારી પાસે બિલ્ડીંગના સીસીટીવી ફૂટેજ પણ છે. એવી હાલતમાં મારી કેવા લોકોએ મદદ કરી હતી એના કોન્ટેક પણ મારી પાસે છે. તમને ફોન કરીને કોણે ગાળો આપી હતી એ પણ મારી પાસે છે. માટે ધ્યાન રાખો અને મારુ મોઢું ન ખોલાવો. આ બધું પુરુ કરો અને જો પુરુ ન કરવું હોય તો આવી જા મેદાનમાં.

આગળ શિલ્પાએ કહ્યું કે- જે દિવસે મારો પિત્તો ગયો ત્યારે જોઈ લેજે. એટલા માટે હું બીજી વખત કહું છું કે ધ્યાન રાખજો.

હવેથી ફિલ્મમાં ન્યૂડ સીન નહીં કરુઃ સુપરસ્ટાર કીરા નાઈટલ

લોંસ એંજલ્સ

બોલિવૂડ અભિનેત્રી તમન્ના ભાટિયા પોતાની નો કિસિંગ પોલીસીને લઈ ચર્ચામાં રહે છે. કોઈ પણ ફિલ્મ સાઈન કરે એ પહેલા તે ચોખવટ કરી જ લે, કે હું કોઈપણ સીનમાં કિસ નહીં કરું. બોલિવૂડમાં તમન્ના સિવાય બીજા ઘણા લોકો આવી પોલીસી અપનાવી ચૂક્યા છે. પરંતુ હોલિવૂડમા આવું બને તો સ્વાભાવિક છે કે, આખી દુનિયાને નવાઈ લાગે. સુપરસ્ટાર કીરા નાઈટલે હાલમાં એક ખુલાસો કર્યો અને બધાને ચોંકાવી દીધા છે. તેણે કહ્યું કે, હવેથી તે ફિલ્મમાં ન્યૂડ સીન નહીં આપે. જો કે, કીરા આ પહેલા કેટલાક ફિલ્મોમાં ન્યૂડ સીન આપી ચૂકી છે. પરંતુ હવે તે કુ સામે ન્યૂડ સીન આપવા નથી માંગતી. તેણે કહ્યું કે તેનો આ નિર્ણય ઈન્ટરનેટ ક્લચરના



કારણે લેવામાં આવ્યો છે. અભિનેત્રીનું કહેવું છે કે, પહેલા આવા સીન આપવામાં કંઈ વાંધો નહોતો પણ હવે તે એડલ્ટ સાઈટ પર પહોંચી જાય છે અને લોકોના ફોનમાં સ્ટોર થાય છે. આ વાતને કારણે તે હવે સલામતી નથી અનુભવતી. ઉલ્લેખનીય છે કે, કીરાની બે દીકરીઓ છે. તેણે જેમ્સ રાઈટન સાથે લગ્ન કર્યા છે. બે વર્ષ ડેટ કર્યા બાદ ૨૦૧૩માં બન્નેએ લગ્ન કર્યા હતા. કીરા કેટલીય હોલિવૂડ ફિલ્મોમાં જોવા મળી છે. હાલમાં પણ તેના પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.



ફિલ્મ હંગામા-૨નું નવું પોસ્ટર રિલિઝ

મુંબઈ

જાવેદ જાફરીના દીકરા મિઝાન જાફરીનો આજે સોમવારે જન્મદિવસ છે. તેના જન્મદિવસ પર તેની આગામી ફિલ્મ 'હંગામા ૨'નું નવું પોસ્ટર રિલીઝ થયું છે. મિઝાને સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'મલાલ'થી ડેબ્યુ કર્યું હતું. 'હંગામા ૨' ફિલ્મમાં મિઝાનની સાથે શિલ્પા શેટ્ટી, પરેશ રાવલ અને સાઉથ એક્ટ્રેસ પ્રણિતા સુભાષ છે. પ્રણિતા સુભાષની આ બોલિવૂડ ડેબ્યુ ફિલ્મ છે. 'હંગામા' ફિલ્મ ૨૦૦૩માં રિલીઝ થઈ હતી હવે ૧૭ વર્ષ બાદ ફિલ્મની સિક્વલ 'હંગામા ૨' બની રહી છે. આ ફિલ્મને પણ ઓરિજિનલ ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન જ ડિરેક્ટ કરી રહ્યા છે. ફિલ્મના પ્રોડ્યૂસર રતન જૈને કહ્યું હતું કે, 'અમારું નવું પોસ્ટર ફિલ્મની થીમને હાઈલાઈટ કરે છે અને તેને શેર કરવા માટે મિઝાનના જન્મદિવસની વધુ સારો દિવસ કયો હોઈ શકે. હું ખુબ ઉત્સાહિત છું અને મને મિઝાનના ડેડિકેશન પર ગર્વ છે. તે જે રીતે સેટ પર એનર્જીથી કામ કરે છે તે અદભુત છે.'

રજનીકાંત સાથેનો ઈન ટુ ધ વાઈલ્ડનો એપિસોડ ૨૩ માર્ચે રિલિઝ થશે

મુંબઈ

બ્રિટિશ એડવેન્ચરર બેયર ગ્રિલ્સે 'ઈન ટૂ ધ વાઈલ્ડ'નું નવું ટિઝર શેર કર્યું હતું. આ ટીઝરમાં બેયરે ખુલાસો કર્યો હતો કે ૭૦ વર્ષીય રજનીકાંતે તમામ ચેલેન્જનો સ્વીકાર કર્યો હતો. આ ટીઝર શેર કરીને બેયરે પોસ્ટ કર્યું હતું, સુપરસ્ટાર રજનીકાંત સતત હકારાત્મક રહે છે અને ક્યારેય હિંમત ના હારતા નથી, દરેક ચેલેન્જ સ્વીકારનારા..આદર. 'ઈન ટૂ ધ વર્લ્ડ વિથ બેયર ગ્રિલ્સ' ૨૩ માર્ચે રાત્રે આઠ વાગે. એક મિનિટના ટીઝરમાં બતાવવામાં આવ્યું છે, રજનીકાંત જંગલની અંદર આવેલા તળાવમાં એટીવી (ઓલ ટેરેન વ્હીકલ) સાથે જતા જોવા મળે છે. આ ઉપરાંત તેઓ દોરડાની મદદથી ઉપર ચઢવાનો પ્રયાસ કરે છે અને જંગલમાં સર્વાઈવ થવા માટે અન્ય કેટલીક ડેન્જરસ એક્ટિવિટી કરતાં જોવા મળ્યાં હતાં. રજનીકાંત તથા બેયર જૂના બ્રીજ પર ચાલતા જોવા મળ્યાં હતાં.

બધાઈ હોની સિક્વલમાં રાજકુમાર રાવ-ભૂમિ પેડનેકર ચમકશે

મુંબઈ

આયુષ્માન ખુરાના, સાન્યા મલ્હોત્રા, ગજરાજ રાવ, નીના ગુપ્તા અને સુરેખા સિક્રી સ્ટારર 'બધાઈ હો' ફિલ્મની સિક્વલ બનવાની છે. આ સિક્વલ ફિલ્મનું નામ 'બધાઈ દો' છે. પહેલી ફિલ્મ 'બધાઈ હો' લોકોને ઘણી ગમી હતી અને ફિલ્મને ઘણા નેશનલ અવોર્ડ્સ પણ મળ્યા હતા. માટે મેકર્સે 'બધાઈ દો' બનાવવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મથી પહેલીવાર રાજકુમાર રાવ અને ભૂમિ પેડનેકર સાથે કામ કરશે. આ ફિલ્મ સોશિયલ કોમેડી હશે. ફિલ્મમાં રાજકુમાર રાવ પોલીસ ઓફિસરના રોલમાં છે જે મહિલા પોલીસ સ્ટેશનમાં એકમાત્ર પુરુષ ઓફિસર હોય છે. ભૂમિ પીટી ટીચરના રોલમાં હશે. ફિલ્મને 'હન્ટર' ફેમ ડિરેક્ટર હર્ષવર્ધન કુલકર્ણી ડિરેક્ટ કરવાના છે જ્યારે ઓરિજિનલ ફિલ્મના રાઈટર અક્ષત ઘિલ્ડિયાલ જ આ ફિલ્મ લખશે.

હું એક પણ ધર્મમાં નથી માનતો, માત્ર ભારતીય હોવા પર ગર્વઃ અક્ષય કુમાર

મુંબઈ

અક્ષય કુમારે હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે એક પણ ધર્મમાં માનતો નથી અને તે માત્ર એક જ ધર્મમાં માને છે અને તે એક ભારતીય છે. હાલમાં અક્ષય કુમારે રોહિત શેટ્ટીની ફિલ્મ 'સૂર્યવંશી'ના પ્રમોશન દરમિયાન આ વાત કહી હતી. રોહિત શેટ્ટીની આ ચોથી ફિલ્મ કોપ યુનિવર્સ પર આધારિત છે.

અક્ષય કુમારે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે આ ફિલ્મ કોઈ ધર્મના આધારે બનાવવામાં આવી નથી. તે કોઈ ધર્મમાં માનતો નથી. તે માત્ર ભારતીય હોવામાં માને છે અને ફિલ્મમાં પણ આ જ વાત બતાવવામાં આવી છે. આ ફિલ્મ પારસી, હિંદુ કે મુસ્લિમ બનવાની વાત નથી કરતી પરંતુ એક ભારતીય બનવાની વાત કરે છે. તેમણે ક્યારેય કોઈ ધર્મના આધારે ફિલ્મ બનાવી નથી.

અક્ષય કુમારને જ્યારે પૂછવામાં આવ્યું કે આજના સમયમાં દેશમાં કોમ્યુનલ અશાંતિ જોવા મળી રહી છે અને તેવા સમયે આ ફિલ્મ રિલીઝ થઈ રહી છે, જેના જવાબમાં એક્ટરે કહ્યું હતું કે આ માત્ર સંયોગ છે. તેમણે ક્યારેય આ વિચારને આધારે ફિલ્મ બનાવી નહોતી પરંતુ આજના સમયે આ ફિલ્મ ઘણી જ સુસંગત છે. ઉલ્લેખીય છે કે આ ફિલ્મમાં અક્ષય કુમારે ATS ઓફિસર વીર સૂર્યવંશીનો રોલ પ્લે કર્યો છે, જે મુંબઈને આતંકી હુમલાથી બચાવવાનો પ્રયાસ કરે છે.

રમત જગત વિશેષ



જામનગરમાં ચાલી રહેલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર પ્લેયર અને હોમ ટાઉન જામનગરના રવિન્દ્ર જાડેજા પોતાની પત્ની રીવાબા જાડેજા અને પુત્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા અને કોંગ્રેસ ના ધારાસભ્ય વિક્રમભાઈ માડમ પણ ઉપસ્થિત રહ્યા હતા.

એસ.ક્રિકેટ વર્લ્ડકપમાં ૧૩ માર્ચે ભારત-પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો..!!

ન્યુ દિલ્હી

ક્રિકેટના મેદાન પર ભારત અને પાકિસ્તાન મુકાબલાની આતુરતાથી રાહ જોતા ફેન્સ માટે એક સારા સમાચાર આવ્યા છે. ૧૩ માર્ચ એટલે કે શનિવારે આ બંને દેશની ટીમ વચ્ચે મેદાન પર જબરદસ્ત મુકાબલો થશે. આ મુકાબલા પર દરેક ક્રિકટ ફેન્સની નજર છે. ૧૧ માર્ચે સાઉથ આફ્રિકાની રાજધાની કેપટાઉન ખાતે શરૂ થનારા ૫૦ ઓવરના એસ ક્રિકેટ વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચે મુકાબલો થશે.

વેટરન ક્રિકેટર્સવાળી ટીમો વચ્ચે થનારી આ ટુર્નામેન્ટની પહેલી સીઝન સિડનીમાં ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને હરાવીને જીતી હતી. તે સમય આ ટુર્નામેન્ટમાં ૮ ટીમોએ ભાગ લીધો હતો. પરંતુ આ વખતે ભારત સહિત ચાર અન્ય ટીમો આ ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરી રહી છે. ટુર્નામેન્ટની આ સીઝનમાં કુલ ૧૨ ટીમો ભાગ લેશે. બધી ટીમોને બે ડીવીઝનમાં વહેંચવામાં આવશે. ભારતને પાકિસ્તાન સાથે ડીવીઝન મ્માં રાખવામાં આવશે.

માહિતી મુજબ ટુર્નામેન્ટની ઉદઘાટન મેચ ઓસ્ટ્રેલિયા અને જિમ્બાબ્વે વચ્ચે રમાશે. ફાઇનલ મુકાબલો ૨૪ માર્ચે ન્યૂઝીલેન્ડ ખાતે રમાશે. ટુર્નામેન્ટની આ સીઝનમાં કુલ ૪૨ મેચ રમાશે. બધી ટીમ ૪૫ ઓવર રમશે. આપણે જણાવી દઈએ કે આ ટુર્નામેન્ટમાં દરેક દેશોના વેટરન ક્રિકેટર ભાગ લેતા હોય છે.

શેફાલી ૧૨મી ખેલાડી

મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ઈલેવનમાં પૂનમ યાદવ એકમાત્ર ભારતીય

મેલબર્ન

લેગ સ્પિનર પૂનમ યાદવ આઈસીસી મહિલા ટી૨૦ વિશ્વકપ ઈલેવનમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય છે. પૂનમે આ વિશ્વકપમાં પાંચ મેચ રમીને કુલ ૧૦ વિકેટ પોતાના નામે કરી, જેમાં ૧૯ રન આપીને ૪ વિકેટ તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું. પૂનમ સિવાય યુવા ભારતીય સ્ટાર શેફાલી વર્માને ૧૨માં ખેલાડી તરીકે આ ટીમમાં સ્થાન મળ્યું છે. ભારતને હરાવીને ફાઇનલ જીતનારી ઓસ્ટ્રેલિયન ટીમની સર્વાધિક ૫ ખેલાડી આઈસીસીની ટીમમાં છે. ઓસ્ટ્રેલિયાએ ફાઇનલમાં ભારતને ૮૫ રને પરાજય આપીને પમી વખત આ ટાઇટલ પોતાના નામે કર્યું હતું.

આઈસીસીની ટીમમાં ઓસ્ટ્રેલિયાની એલિસા હીલી, બેથ મૂની, મેગ લેનિંગ, જોસ જોનાસન અને મેગન શૂટને સ્થાન મળ્યું છે, જ્યારે તેમાં ઈંગ્લેન્ડની ખેલાડી છે. ટીમની પસંદગી પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો અને કોમેન્ટ્રેટરોની સમિતિએ કરી જેમાં ઇયાન બિશપ, અંજુમ ચોપડા, લીસા સઠાલેકર, પત્રકાર રોફ નિકોલસન અને આઈસીસીની પ્રતિનિધિ હોલી કોલ્પિન સામેલ છે.

યાદવે ટૂર્નામેન્ટની પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયા પર મળેલી જીતમાં સૂત્રધારની ભૂમિકા નિભાવતા ૧૯ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. તેણે બાંગ્લાદેશ વિરુદ્ધ પણ ત્રણ વિકેટ ઝડપી હતી. બીજી તરફ ૧૬ વર્ષીય શેફાલી વર્માએ ૧૫૮.૨૫ની સ્ટ્રાઇક રેટથી ૧૬૩ રન બનાવ્યા હતા. હીલી અને મૂનીએ ૨૦૧૮માં બનાવેલો પોતાનો રેકોર્ડ તોડતા ૬૦ની એવરેજથી મળીને ૩૫૨ રન બનાવ્યા હતા.

બેટિંગ ક્રમમાં આઈસીસી મહિલા ટી૨૦ વિશ્વકપની ટીમ: એલિસા હીલી (ઓસ્ટ્રેલિયા), બેથ મૂની (ઓસ્ટ્રેલિયા), નેટ સિવર (ઈંગ્લેન્ડ), હીથર નાઇટ (ઈંગ્લેન્ડ), મેગ લેનિંગ (ઓસ્ટ્રેલિયા, કેપ્ટન), લોરા વોલ્વાટ (દક્ષિણ આફ્રિકા), જેસ જોનાસન (ઓસ્ટ્રેલિયા), સોફી એસેલેસ્ટોન (ઈંગ્લેન્ડ), આન્યા શ્રુબસોલે (ઈંગ્લેન્ડ), મેગન શૂટ (ઓસ્ટ્રેલિયા), પૂનમ યાદવ (ભારત). ૧૨મી ખેલાડી: શેફાલી વર્મા (ભારત)

ધોનીએ ટી-૨૦ વર્લ્ડ કપમાં સ્થાન મેળવવા આઈપીએલમાં સારું પ્રદર્શન કરવું પડશે

ન્યુ દિલ્હી

બીસીસીઆઈ ના એક અધિકારીએ કહ્યુ કે, સિલેક્શન કમિટીમાં અધ્યક્ષ સહિત બે નવા સભ્યો આવ્યા બાદ મહેન્દ્ર સિંહ ધોનીને લઈને તેમની તરફના વલણમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થશે નહી. બીસીસીઆઈ કહ્યુ કે, તેમને T-20 વર્લ્ડ કપની ટીમમાં પોતાની જગ્યા મેળવવા માટે આઈપીએલ ૨૦૨૦ માં ખૂબ જ સારુ પ્રદર્શન કરવુ પડશે. સુનિલ જોશીની અધ્યક્ષતામાં સિલેક્શન કમિટીએ રવિવારે અમદાવાદમાં યોજાનાર બેઠકમાં દક્ષિણ આફ્રિકાની વિરુદ્ધ ૧૨ માર્ચથી શરૂ થનાર ત્રણ મેચની વન-ડે સીરીઝ માટે ભારતીય ટીમની પસંદગી કરી છે.

ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૧૮માં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ વર્લ્ડ કપ સેમિફાઈનલ મેચ બાદથી ધોની ક્રિકેટથી દૂર રહ્યા છે. હવે તેઓ ૨૯ માર્ચથી શરૂ થનાર આઈપીએલ ૨૦૨૦ થકી ક્રિકેટ જગતમાં પરત ફરી રહ્યા છે.

બોર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ બેઠકમાં બસ આ મુદ્દા પર જ વાત કરવામાં આવી હતી કે, હાલમાં દક્ષિણ આફ્રીકાની વિરુદ્ધ રમવામાં આવેસી સીરીઝમાં ધોની પસંદગીની રેસમાં નથી તો, તેમના પર કોઈ વાત થઈ ન હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આઈપીએલ ૨૦૨૦ માં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાથી ધોની ટીમમાં પરત સ્થાન મેળવી શકશે. માત્ર ધોની નહી, પરંતુ આઈપીએલમાં રમનાર ઘણા સીલિયર અને યુવા ખેલાડીઓ પર પણ આ જ વાત લાગુ થાય છે.

મહિલા વર્લ્ડકપઃ વિજેતા ઓસ્ટ્રેલિયાને ૭ કરોડ જ્યારે ભારતને ૩ કરોડ મળ્યા

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાએ મહિલા ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૦ની ફાઇનલ મેચમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમને હરાવી પાંચવી વખત ખિતાબ પોતાના નામે કર્યો છે. રવિવારે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાયેલ મુકાબલામાં છઠ્ઠી વખત ફાઇનલ રમી રહેલા ઓસ્ટ્રેલિયાએ દરેક ક્ષેત્રમાં ભારતીય ટીમને પરાજય આપ્યો હતો.

મેગ લેનિંગની આગેવાની હેઠળ ઓસ્ટ્રેલિયાની ટીમ પહેલીવાર ફાઇનલ રમી અને આખા મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાની ટીમ ભારતીય ટીમ પર હાવી રહી. ઓસ્ટ્રેલિયાની ટીમે બેટિંગ અને બોલિંગ બંને ક્ષેત્રમાં શાનદાર પ્રદર્શન કર્યું. આ જબરદસ્ત જીત સાથે ઓસ્ટ્રેલિયાની ટીમ પર કોરોડ રૂપિયાનો વરસાદ પણ થયો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ વર્ષ ૨૦૧૮ની અપેક્ષાએ આ વખતે જીતની રકમમાં ૫ ગણો વધારો કરવામાં આવ્યો હતો. રિપોર્ટ પ્રમાણે વર્લ્ડ કપનો ખિતાબ જીતનારી ઓસ્ટ્રેલિયાની ટીમને અંદાજે ૭ કરોડ અને ૪૦ હજાર રૂપિયા(૧ મિલિયન ડોલર) મળ્યા છે. જ્યારે રન-અપ ભારતીય ટીમને લગભગ ૩ કરોડ ૭૦ હજાર રૂપિયા ઈનામ તરીકે મળ્યા છે. આ સિવાય વર્લ્ડ કપમાં ભાગ લેનારી દરેક ટીમને પણ ઈનામના પૈસા આપવામાં આવ્યા છે. ખરેખર, આઈસીસીએ ગત વર્ષે મહિલા ક્રિકેટ ટીમને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વર્લ્ડકપ માટે ઈનામના પૈસા વધારવાનો નિર્ણય કર્યો હતો.

મહિલા ક્રિકેટરોને સર રિચર્ડસનની સાંત્વનાઃ ક્યારેય હિંમત ગુમાવશો નહી

ત્રિનિદાદ

મહિલા વર્લ્ડ કપ જીતવાનું હરમનપ્રીત કોરની ભારતીય ટીમનું સપનું ફાઇનલમાં મળેલી હારની સાથે જ તૂટી ગયું. ટૂનમિન્ટની ફાઇનલમાં ભારતીય ટીમને ઓસ્ટ્રેલિયાના હાથે ૮૫ રનથી હારનો સામનો કરવો પડ્યો છે. આ જીતની સાથે જ ઓસ્ટ્રેલિયાએ પાંચમીવાર મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ પ્રાપ્ત કર્યો અને ટીમ ઈન્ડિયાને નિરાશ થવું પડ્યું. ટૂર્નામેન્ટમાં ફાઇનલ પહેલા જે પ્રકારે પ્રદર્શન કર્યું હતું, તે જોતા દરેક વ્યક્તિને આશા હતી કે ટીમ ઈન્ડિયા જીતશે. વેસ્ટ ઈન્ડિઝના સર વિવિયન રિચર્ડ્સે પોતાના ટ્વીટમાં ભારતીય મહિલા ટીમને સંબોધિત કરતા લખ્યું કે, ક્યારેય હિંમત ગુમાવશો નહી. તમે ખૂબ સરસ રીતે રમ્યા છો અને એક દિવસ એવો આવશે કે જ્યારે તમારા હાથમાં પણ ટ્રોફી હશે. પોતાના પર વિશ્વાસ રાખો. ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર વીવીએસ લક્ષ્મણે મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને શુભેચ્છાઓ આપતા ટીમ માટે લખ્યું કે, ભારતીય ટીમના પ્રદર્શન પર ગર્વ છે. પૂર્વ ક્રિકેટર અને સાંસદ ગૌતમ ગંભીરે પણ ભારતીય ટીમને હિંમત ન આપવા વિશે કહ્યું છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, કેટલાક વર્ષ પહેલા સુધી કોઈને પણ કલ્પના નહોતી કે એક અબજથી વધારે વસ્તી વાળા દેશની નજર મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ પર આ રીતે કેન્દ્રીત થઈ જશે.

ભારતમાં વાયરસના કુલ કેસ ૪૩એ પહોંચ્યા

દિલ્હી,ઉ.પ્રદેશ,જમ્મુ-કાશ્મીરમાં કુલ ત્રણ કોરોના વાયરસના કેસ નોંધાયા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાઇરસના ત્રણ નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિત લોકોની કૂલ સંખ્યા ૪૩એ પહોંચી ગઇ છે. જોકે, ત્રણ ૩ સંક્રમિત દર્દીને ડિસ્ચાર્જ પણ કરવામાં આવ્યાં છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્ર્યાલયના અધિકારીઓએ સોમવારના રોજ આ માહિતી આપી. અધિકારીઓએ જણાવ્યું કે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાંથી એક-એક કેસ સામે આવ્યાં છે. સાથે જ તે પણ જણાવ્યું કે અત્યાર સુધી કોઇના મોતના અહેવાલ સામે આવ્યાં નથી.

ઇટાલીના પ્રવાસેથી પરથ ફરેલા કેરળના ૩ વર્ષીય બાળકનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. બાળકને એર્નાકુલમ મેડિકલ કોલેજમાં આઇસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યો છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરના કારગિલમાં ઇરાનાથી પરત ફરેલી ૮૩ વર્ષીય એક મહિલાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

તો કેરળમાં રવિવારના રોજ કોરોના વાઇરસના પાંચ નવા કેસ સામે આવ્યાં હતા. તેમાંથી ઇટાલીમાંથી આવેલા ત્રણ લોકો સામેલ હતા જે સ્ક્રીનિંગથી બચી નીકળ્યા હતા. ત્યાર બાદ સરકારે રવિવારના રોજ ફરીથી આ બીમારીને લઇને એલર્ટ જારી કર્યું હતી અને પ્રભાવિત દેશના પ્રવાસેથી ફરેલા લોકો જે પોતાનો રેકોર્ડ છુપાવાનો પ્રયત્ન કરશે તો તેમની સામે કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપી છે. કેરળમાં વહિવટી તંત્રએ પોતાના પ્રવાસનો રેકોર્ડ છુપાવનારા સામે આકરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

બંગાળ અને લદ્દાખમાં એક-એક શંકાસ્પદનું મોત

આ સાથે જ રવિવાર રાતે બંગાળની હોસ્પિટલમાં આઇસોલેશન વોર્ડમાં રાખવામાં આવેલા એક વ્યક્તિનું મોત થયું છે. આ વ્યક્તિમાં કોરોના વાઇરસના સંક્રમણના લક્ષણો જોવા મળતા તેને આઇસોલેશનમાં રાખવામાં આવ્યો હતો.



કેન્સરગ્રસ્ત સાત વર્ષના ભારતીય બાળકની ખુશીનો પાર રહ્યો નહોતો કેમકે દુબઈના પ્રિન્સ શેખ હમદાને તેમના આ પ્રશંસક સાથે મુલાકાત કરી હતી. શેખ હમદાને બાળકની સાથે પોતાનો ફોટો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. થર્ડ સ્ટેજનું કેન્સર ધરાવતા હૈદરાબાદના અબ્દુલ્લા હુસેને સોશિયલ મીડિયા પર ઈચ્છા વ્યક્ત કરી હતી કે તે પોતાના આદર્શ શેખ હમદાનને મળવા ઈચ્છે છે. જેના પછી એક સમાચાર ચેનલ પર આ સમાચાર દર્શાવાયા હતા.

એક જગ્યાએ ભીડ એકઠી થવાથી વાયરસનું જોખમ વધે છે: મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય મંત્રી

આઈપીએલ પર કોરોના વાયરસ તોળાતુ સંકટ: રદ્દ થવાની શક્યતા

મુંબઇ

દેશમાં કોરોના વાયરસનો ખતરો મંડરાઇ રહ્યો છે. ભારતમાં અત્યાર સુધી ૪૦થી વધુ લોકો શંકાસ્પદ છે. એવામાં આ મહિનાના અંતમાં શરૂ થનારી ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૧૩મી સીઝન મુશ્કેલીમાં મુકાઇ શકે છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ કહ્યુ કે એક જગ્યાએ ઘણા લોકોની ભીડ ભેગી થવાને કારણે સંક્રમણનો ખતરો વધી શકે છે જેને કારણે આઇપીએલ ટાળી શકાય છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી અનુસાર, કાર્યક્રમને કોરોના વાયરસના સંક્રમણના ખતરાને જોયા બાદ તારીખમાં ફેરફાર કરવામાં આવી શકે છે.

બીસીસીઆઇના સૂત્રોના હવાલાથી કહેવામાં આવી રહ્યુ છે કે કોરોના વાયરસના ડરથી આ વખતે આઇપીએલને રદ કરવામાં આવી શકે છે. સુત્રો અનુસાર જ્યારે આઇપીએલની પ્રથમ મેચ રમાશે ત્યારે તાપમાન ૨૪-૨૫ ડિગ્રીની આસપાસ હશે. એવામાં આ વાયરસની અસર ઓછી થઇ જશે, માટે કોરોના વાયરસને કારણે આઇપીએલને રદ કરવી કે ના કરવી તેનો કોઇ નિર્ણય લેવો મુશ્કેલ છે. જોકે, બીસીસીઆઇ કોરોના વાયરસથી ઉભી થયેલી સ્થિતિ પર નજર રાખી રહ્યુ છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા મળેલા ઓફિશિયલ આંકડા અનુસાર, અત્યાર સુધી ભારતમાં કોરોના વાયરસના ૪૧ કેસની પૃષ્ટી થઇ છે. બીસીસીઆઇ અનુસાર કોરોના વાયરસના ખતરાને જોતા આ સબંધમાં તમામ સ્ટેકહોલ્ડર્સ, ખેલાડી, ફ્રેન્ચાઇઝી, એરલાઇન્સ, ટીમ હોટલ્સ, બ્રૉડકાસ્ટિંગ ક્રૂ અને આ લીગ સાથે જોડાયેલા તમામ પક્ષોને જરૂરી સાવધાની રાખવા માટે સરકારના આદેશોનું પાલન કરવા કહેવામાં આવશે.

છેતરપિંડી થાય તો લોકો એમની સામે ફરિયાદ કરી શકશે

નવા ગ્રાહક કાયદામાં હવે ડોક્ટરો, વકીલોનો પણ સમાવેશ કરાયો

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે નવા ગ્રાહક કાયદા માં હવે ડોકટરો અને વકીલોનો પણ સમાવેશ કરી લીધો છે. જો કોઇ ડોકટર ફીસ લઈને યોગ્ય રીતે સારવાર ન કરે તો દર્દી ડોકટર ની સામે ફરિયાદ દાખલ કરી શકશે.

એ જ રીતે વકીલ પણ જો અસીલ સાથે છેતરપિંડી કરે તો તેની સામે પણ ફરિયાદ દાખલ કરાવી શકાશે. નવા ગ્રાહક કાયદામાં સેવા ના દાયરા નો વિસ્તાર કરવામાં આવ્યો છે અને લોકોને વધુ સુવિધા પૂરી પાડવામાં આવી છે.

ગ્રાહક મંત્રાલયના જણાવ્યા મુજબ ગ્રાહક સંરક્ષણ અધિનિયમ ના નિયમોને અંતિમ પ આપવામાં આવી રહ્યું છે અને ચાલુ વર્ષના એપ્રિલમાં સુધીમાં બધા નિયમ તૈયાર થઈ જશે.

સેવાના ક્ષેત્રોને વિસ્તારવામાં આવી રહ્યો છે જેથી કરીને ડોકટરો અને વકીલોને પણ તેમાં સમાવેશ થઈ શકે. દેશમાં અનેક રાયોમાં એવા બનાવો બને છે જેમાં ડોકટરો અને વકીલોની છેતરપિંડીનો ભોગ લોકો બનતા હોય છે પરંતુ એમની પાસે ફરિયાદ કરવા માટેનું કોઈ ગ્રાઉન્ડ કે કોઈ સુવિધા હોતા નથી.

એટલા માટે જ કેન્દ્ર સરકારે નવા ગ્રાહક કાયદા ની જોગવાઈઓ માં વ્યાપક ફેરફારો કરી નાખ્યા છે અને ટૂંક સમયમાં આ મુજબની સત્તાવાર જાહેરાત થવાની છે.

યસ બેન્ક વિવાદ: સીબીઆઇ એક્શનમાં,મુંબઈમાં ૭ સ્થળે દરોડા

ન્યુ દિલ્હી

સીબીઆઇએ યસ બેંક મામલે તપાસ શરૂ કરી દીધી છે. તપાસના ધમધમાટ સાથે સીબીઆઇએ મુંબઈ શહેરમાં ૭ જગ્યાએ છાપો માર્યો હતો. તમને જણાવી દઇએ કે, યસ બેંકના સહ-સંસ્થાપક રાણા કપૂર, દીવાન હાઉસિંગ (ડીએચએફએલ), ડીઓઆઇટી અર્બન વેંચર્સ કંપની અને ડીએચએફએલના પ્રવર્તક નિર્દેશક કપિલ વધાવન વિરુદ્ધ અપરાધિક ષડયંત્ર, વિશ્વાસઘાત અને ભ્રષ્ટ્રાચારના આરોપમાં એફઆઇઆર દાખલ કરાઇ છે. એજન્સીએ આરોપ લગાવ્યો છે કે, કપૂરે યસ બેંક મારફતે ડીએચએફએલને નાણાંકીય સહાય આપવા માટે કપિલ વધાવનની સાથે મળી અપરાધીક ષડયંત્ર રચ્યું છે. જેના બદલામાં પોતાના માટે અને પરિવારના સભ્યો માટે તેમની કંપનીઓ મારફતે અયોગ્ય લાભ લેવાનો પ્રયત્ન કરાયો હતો. તેમણે કહ્યું કે, ગત રોજની રાત્રે પ્રવર્તન નિર્દેશાલયે કપૂરની ધરપકડ કરી હતી અને શનિવારે સીબીઆઇ દ્વારા દાખલ કરાયેલી એફઆઇઆર આધારિત મની લોન્ડ્રિંગ એક્ટ મુજબ મામલો દાખલ કરવામાં આવ્યો હતો. CBIની એફઆઇઆર અનુસાર, ગોટાળો એપ્રિલ ૨૦૧૮ની વચ્ચે શરૂ થયો હતો. જ્યારે યસ બેંકે કૌભાંડી દીવાન હાઉસિંગ વિત નિગમ લિમિટેડના ટૂંકાગાળાના પત્ર પર ૩૭૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

શક્તિસિંહે તેજસ્વીને વચન યાદ અપાવ્યું તો આરજેડીએ રોકડું પરખાવ્યુ

બિહારમાં રાજ્યસભાની સીટ માટે આરજેડી-કોંગ્રેસ વચ્ચે વિવાદ..!!

પટના

રાજ્યસભાની ચૂંટણી પહેલા બિહારનું રાજકારણ ગરમાયુ. રાજ્યસભામાં બિહારની પાંચ બેઠક ખાલી થવાની છે. જેને લઈને કોંગ્રેસ અને આરજેડી વચ્ચેનો વિવાદ વકરી રહ્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે આરજેડીએ તેમને બિહારની રાજ્યસભા બેઠક આપવાનું વચન આપ્યું હતું. જ્યારે આરજેડીએ આવું કોઈ પણ વચન આપ્યું હોવાની વાતને નકારી કોંગ્રેસને રોકડું પરખાવ્યું છે.

બિહાર કોંગ્રેસના પ્રભારી શક્તિસિંહ ગોહિલે વિધાનસભાના નેતા તેજસ્વી યાદવને એક પત્ર લખીને રાજ્યસભામાં તેમને બેઠક આપવાના વચનની યાદ અપાવી છે. ગોહિલનો આ પત્ર મીડિયામાં પ્રકાશિત થયો હતો.

એક સારા માણસનું કર્તવ્ય હોય છે કે, જીવ જાય પણ વચન ન જાય. આશા છે કે રાજદ પોતાની વાત પર અડગ રહેશે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર લોકસભા ચૂંટણીના સમયે રાજદે કોંગ્રેસને નવ સીટ અને રાજ્યસભામાં એક સીટ આપવાનું વચન આપ્યું હતું.

પત્રમાં ગોહિલે લખ્યું છે કે મહાગઠબંધનની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં લોકસભાની ચૂંટણી દરમિયાન યાદવે કહ્યું હતું કે આરજેડીએ તેના ક્વોટાની એક બેઠક કોંગ્રેસને આપવી જોઈએ. આશા છે કે, આરજેડી પોતાનું વચન પાળશે. જોકે, આરજેડીના ઉપપ્રમુખ શિવાનંદ તિવારીએ તેમની પાર્ટી દ્વારા અપાયેલા આ પ્રકારના કોઈ પણ વચનને નકારી દીધું છે.

કોરોના વાયરસ: વડાપ્રધાન મોદીનો બાંગ્લાદેશ પ્રવાસ રદ્દ

ન્યુ દિલ્હી

ચીનથી દુનિયાભરમાં ફેલાયેલા ઘાતક કોરોના વાયરસના લીધે કેટલાંય આયોજનો રદ્દ થઈ રહ્યા છે અને આ કડીમાં બાંગ્લાદેશે પણ શેખ મુજીબ ઉર રહેમાનની જયંતિનો શતાબ્દી સમારંભ રદ્દ કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સમારંભના મુખ્ય વકતા અને એવામાં તેમનો બાંગ્લાદેશ પ્રવાસ રદ્દ થઈ ગયો છે.

આ સપ્તાહે બાંગ્લાદેશી સંસદના સ્પીકર શિરીન શરમિન ચૌધરીએ પોતાનો ભારત પ્રવાસ કરી દીધો. તેઓ લોકસભા સ્પીકર ઓમ બિરલાના નિમંત્રણ પર ૧૮ સભ્યના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવાના હતા.

પીએમ મોદી ૧૭મી માર્ચના રોજ બાંગ્લાદેશ જવાના હતા પરંતુ કોરોનાના લીધે આ પ્રવાસને રદ્દ કરવો પડ્યો છે. સેલિબ્રેશન કમિટીના ચેરમેન કમાલ અબ્દુલ ચૌધરીએ બાંગ્લાદેશ સરકારના આ નિર્ણયને રદ્દ કરવાની માહિતી આપી. રવિવારના રોજ જ બાંગ્લાદેશમાં ૩ લોકોમાં કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે જે હાલમાં ઈટલીથી આવ્યા હતા. આ અંગે ચૌધરીએ કહ્યું કે અમે આ ઈવેન્ટરને ફરીથી ડિઝાઈન કરી છે. આખું વર્ષ આ કાર્યક્રમ ચાલતો રહેશે પરંતુ હાલ લોકોએ ભીડથી બચવાનું છે. વર્ષ દરમ્યાન અમે કાર્યક્રમ કરીશું અને વિદેશથી આવનાર દિગ્ગજ હસ્તીઓ તેમાં સામેલ થઈ શકે છે. સાથો સાથ કહ્યું કે કોવિડ-૧૯ સાથે જોડાયેલ સ્વાસ્થ્ય ઘટનાઓને જોતા આ જન્મ શતાબ્દી સમારંભનો હાલ દાયરો ઘટાડી દેવાયો છે. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના કોઈપણ પ્રકારની જાહેર સભાના સમારંભ વગર ઉદ્ઘાટન કરશે.

CPIMના મહાસચિવ યેચુરી પર રાજ્યસભાના સાંસદ બનવાના સપના અધૂરા રહેશે..!

ન્યુ દિલ્હી

સીપીઆઇએમના મહાસચિવ સીતારામ યેચુરીના ત્રીજી વખત રાજ્યસભાના સાંસદ બનવા પર સંકટના વાદળો મંડરાઇ રહ્યા છે. પક્ષની કેન્દ્રીય સમિતિએ બંગાળ કોંગ્રેસના સમર્થનથી સીતારામ યેચુરીને રાજ્યસભામાં મોકલવાની માંગણીને ફગાવી દીધી છે. ચાર કલાક સુધી ચર્ચા કર્યા બાદ મામલો કેન્દ્રીય સમિતિ પાસે પહોંચ્યો.

જ્યારે કે પોલીટ બ્યુરો બે વખત તેમના પ્રસ્તાવને ફગાવી ચૂકી હતી. સીતારામ યેચુરીને ત્રીજી વખત રાજ્યસભા મોકલવાના વિરોધમાં કેન્દ્રીય સમિતિના ૪૫-૫૦ સભ્યોએ મત આપ્યો. જ્યારે કે ૨૫-૩૦ સભ્યોએ તેમને સમર્થન આપ્યું. બંગાળના નેતાઓને તર્ક છે કે જો તેઓ રાજ્યસભામાં નહીં જાય તો રાજ્યસભામાં બંગાળથી કોઇ પ્રતિનિધિત્વ નહીં રહે.

કેટલાક નેતાઓનું કહેવું છે કે જો યેચુરી નિર્વિરોધ ચૂંટાઇ આવે છે તો પછી કોંગ્રેસના મત લેવાની જરૂર જ નહીં પડે. તેમનું કહેવું છે કે યેચુરીને વિપક્ષી રાજનીતિમાં સૌ કોઇ ઓળખે છે અને સંસદમાં તેમની હાજરીથી રાષ્ટ્રીય સ્તરે પાર્ટીનું મહત્વ જળવાઇ રહેશે.

એબીવીપીને માત્ર બે બેઠકો મળી છતાં વિજય સરઘસ કાઢ્યું

ગુજરાત યુનિ.સેનેટ ચૂંટણી: આઠમાંથી છ બેઠકો પર એનએસયુઆઇનો વિજય

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીનું આજે પરિણામ આવ્યું છે. સેનેટની ૮ બેઠક પર થયેલી ચૂંટણીમાં ૬ બેઠક પર કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUIનો ભવ્ય વિજય થયો છે. જ્યારે ભાજપની વિદ્યાર્થી પાંખ એવી ABVPને માત્ર ૨ બેઠક મળી છે. ABVPનો કારમો પરાજય થવા છતાં કેમ્પસમાં વર્ચસ્વ જાળવવા ડીજે બોલાવી ઉજવણી કરી હતી. માત્ર યુજી કોમર્સ અને પીજી સાયન્સમાં જ ABVPનો વિજય થયો હોવા છતાં સેનેટમાં દબદબો યથાવત રહ્યો હોય એમ ગણ્યાગાંઠ્યા કાર્યકરો સાથે વિજય સરઘસ કાઢ્યું હતું. આ સરઘસમાં ભાજપના યુવામોરચાના નેતા પણ જોડાયા હતા. આ સરઘસ દરમિયાન ABVP અને NSUIના કાર્યકરો વચ્ચે બોલાચાલી અને ગાળાગાળી પણ થઈ હતી. પોલીસે વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.

સેનેટની ચૂંટણીમાં પીજી આર્ટ્સમાં NSUIના રોનક સોલંકીનો વિજય થયો છે. રોનક સોલંકીને ૪૬માંથી ૩૨ મત મળ્યાં છે. પીજી સાયન્સમાં ABVPના દિવ્યપાલસિંહ સોલંકીનો ૩૧ મતે વિજય થયો છે. લો ફેકલ્ટીમાં કોંગ્રેસ પ્રવક્તાના પુત્ર કુવર હર્ષાદિત્યસિંહ પરમારનો વિજય થયો છે. B. ED (એજ્યુકેશન)માં NSUIના શુભમ તિવારીનો વિજય થયો છે. યુજી સાયન્સમાં NSUI દક્ષ પટેલનો ૧૩૮ મતે વિજય થયો છે. છપ્પનના ઉમેદવારને ૧૩૧ મત મળતા રિકાઉન્ટિંગ માંગ્યુ હતું. રિકાઉન્ટિંગમાં પણ દક્ષ પટેલનો ૭ મતે વિજય થયો હતો. યુજી આર્ટસમાં NSUIના રાજદીપસિંહ પરમારનો ૧૦૦ મતે વિજય થયો છે. યુજી કોમર્સમાં ABVPના ઝવેર દેસાઈનો વિજય થયો છે.

કોરોના વાયરસ: ૨૦૦ ટ્રેન રદ્દ, ૧૫ એરપોર્ટ પર સ્ક્રીનિંગ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ ચીનથી ફેલાઈને દુનિયાના ૭૦ દેશોમાં પહોંચી ગયો છે. ૩૪૦૦ લોકોના મોત થયા છે. ૯૦ હજાર લોકો સંક્રમિત છે. ભારતમાં પણ ૪૩ કેસ સામે આવ્યા છે. આ વાયરસને ફેલાતો રોકવા માટે ભારતીય રેલવે ૨૦૦ ટ્રેનો રદ્દ કરી દીધી છે. ૧૫ એરપોર્ટ પર સ્ક્રીનિંગ કરવામાં આવી રહી છે. ૨૨ માર્ચ સુધી ૨૦૦ ટ્રેનો રદ્દ કરવામાં આવી છે. ૧૫ એરપોર્ટ પર સ્ક્રીનિંગ કરવામાં આવી રહી છે. ૨૨ માર્ચ સુધી ૨૦૦ ટ્રેનો રદ્દ કરવામાં આવી છે. ૧૫ એરપોર્ટ પર સ્ક્રીનિંગ કરવામાં આવી રહી છે.

દેખાવોના બહાને મહિલાઓ ડ્રગ્સ લઈ ઉશ્કેરણીજનક નારા લગાવે છે: દિલીપ ઘોષ

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર મહિલાઓમાં નશાની વધતી પ્રવૃત્તિ અને ઉશ્કેરણીજનક નિવેદન પર સવાલો ઉઠાવ્યા હતા. એક કાર્યક્રમમાં ઘોષે તૃણમૂલ કોંગ્રેસ નેતા અને મંત્રી ફિરહાદ હાકિમનો વિરોધ કરતા લોકોને તેમનો બહિષ્કાર કરવાની અપીલ કરી હતી. રવિન્દ્ર ભારતી વિવિ પરિસરમાં બસંતોત્સવ દરમિયાન અશ્લીલતાના સવાલ પર ઘોષે કહ્યું કે, ઘણી મહિલાઓ તો ડ્રગ્સ લઈને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના સંગીતની પેરોડીને અશ્લીલતામાં બદલીને વીડિયો બનાવી રહી છે.

નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ દેખાવો અંગે ઘોષે કહ્યું કે, 'આ દુર્ભાગ્યપૂર્ણ છે કે મહિલાઓનો એક વર્ગ રસ્તાઓ પર ઉશ્કેરણીજનક નારા લગાવી રહ્યો છે. આ ચિંતાનો વિષય છે અને રાજ્યની સંસ્કૃતિ, મહિલા આત્મ સન્માન, સામાજિક મૂલ્યો માટે પણ યોગ્ય નથી. આપણે ચિંતન કરવું પડશે કે છેવટે સમાજ જઈ ક્યા રહ્યો છે' થોડા દિવસો પહેલા સાડી પહેરીલી ઘણી મહિલાઓના વીડિયો વાઈરલ થયો હતો. જેના શરીર પર જાણીતા રવીન્દ્ર ટાગોરના ગીત સાથે આપત્તિજનક શબ્દ લખેલા હતા.

આ મામલામાં મેદિનાપુરથી સાંસદે ચિંતા વ્યક્ત કરી હતી રસ્તા પર દેખાવ કરનારી મહિલાઓ પણ હિંસાનો શિકાર થઈ શકે છે. તેમણે કહ્યું કે, 'આપણે સૌએ કોલેજ તંત્ર, શાળા અને શિક્ષણ મંત્રીને સમાજના આ પતન વિશે વિચારવું જોઈએ'.

આરઆઈએલએ ૧૦ ટકાના કડાકા સાથે દેશની મુલ્યવાન કંપનીનો તાજ ગુમાવ્યો

મુંબઇ

કૂડ પર નભતી કંપનીના માર્જિનમાં ભારે દબાણની આશંકાએ આજે ભારતની સૌથી મૂલ્યવાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ૧૦%નો મસમોટો કડાકો જોવા મળ્યો છે. આજના ૧૦%ના કડાકા સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ ભારતીય શેરમાર્કેટની મૂલ્યવાન કંપનીનો તાજ ગુમાવ્યો છે. રિલાયન્સ અને ટીસીએસ બંનેના શેરમાં ઘટાડો નોંધાયો છે પરંતુ, ટીસીએસમાં ઓછા ઘટાડાને કારણે રિલાયન્સનું બજાર મૂલ્ય ૭.૧૦ લાખ કરોડ છે,જેની સામે ટીસીએસનું બજાર મૂલ્ય ૭.૪૦ લાખ કરોડ જોવા મળી રહ્યું છે. આજે સેન્સેકસ-નિફ્ટીમાં અંકોનો દ્રષ્ટિએ સૌથી મોટો કડાકો જોવા મળ્યો છે.

જેડીયુના નેતાની દિકરી પ્રિયાએ પોતાને મુખ્યમંત્રી પદની ઉમેદવાર જાહેર કરી

મારી દીકરીને મારું નૈતિક સમર્થન,હું જદયુમાં જ રહીશ: વિનોદ ચૌધરી

ન્યુ દિલ્હી

જેડીયુ નેતા વિનોદ ચૌધરીની પુત્રી પુષ્પમ પ્રિયા ચૌધરી હાલના દિવસોમાં ચર્ચામાં છે. તેના દ્વારા બિહારના વર્તમાન પત્રોમાં છાપવામાં આવેલી જાહેરાતોમાં રાજકારણમાં હલચલ મચાવી દીધી છે. આ જાહેરાતમાં એક પુષ્પમે બિહારમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પોતાને મુખ્યમંત્રી પદની ઉમેદવાર ગણાવી છે.

આ વચ્ચે પુષ્પમના પિતા વિનોદ ચૌધરીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, તે પુત્ર છે અને જે કરી રહી છે સમજી વિચારીને કરતી હશે. હું જદધ(યુ)માં રહીશ. તે મોટી યુનિવર્સિટીમાં ભણેલી છે તો તેના અને મારા વિચારોમાં અંતર શક્ય છે. દિકરીને નૈતિક સમર્થન છે પરંતુ હું જદયુમાં જ રહીશ.

નેતા વિનોદ ચૌધરીની પુત્રી લંડનમાં રહે છે. પોતાની નવી રાજકિયા પાર્ટી પ્લૂરલ્સની જાહેરાતમાં તેણે લખ્યું છે કે, જે બિહારને પ્રેમ કરે છે અને રાજનીતિને નફરત, તેમના માટે આ પ્લેટફોર્મ યોગ્ય છે. બિહારને સારુ બનાવવાની જરૂર છે અને સારુ શક્ય છે. પુષ્પમ લોકોના તેની પાર્ટીમાં જોડી સત્તામાં બેસેલા લોકોનો પાવર છીનવાનું કહી રહી છે. તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલમાં પણ લખ્યું કે અમારી પાર્ટી પાર્ટી પાસે ૨૦૨૫ અને ૨૦૩૦ સુધીનો બિહારનો રોડમેપ અને બ્લૂપ્રિંટ તૈયાર છે.

ધોરણ ૧૦ની ઉત્તરવહીના મૂલ્યાંકનની શરૂઆત ૧૯ માર્ચથી શરૂ થશે

ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની ઉત્તરવહી ૪૪ હજાર શિક્ષકો તપાસશે

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સનું મૂલ્યાંકન ૨૧ માર્ચથી શરૂ થશે

અમદાવાદ

હાલમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ૫ માર્ચથી શરૂ થયેલી પરીક્ષાના ઉત્તરવહીના મૂલ્યાંકનની કામગીરી હવે શરૂ કરવામાં આવશે. આ કામગીરી માટે રાજ્યભરમાંથી ૪૪ હજાર શિક્ષકો નક્કી કરવામાં આવ્યા છે. ધોરણ ૧૦ની ઉત્તરવહીના મૂલ્યાંકનની શરૂઆત ૧૯ માર્ચથી શરૂ થશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું મૂલ્યાંકન ૨૧ માર્ચથી શરૂ થશે.

૫ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ છે. ત્યારે પરીક્ષા શરૂ થયાને ત્રણ દિવસ બાદ હવે ઉત્તરવહીના મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવશે. જેના માટે શિક્ષણ બોર્ડ રાજ્યભરમાંથી ૪૪ હજાર શિક્ષકો નક્કી કર્યા છે. બોર્ડ દ્વારા તમામ શિક્ષકોના ડેટા ઓનલાઈન મંગાવી લેવાયા હતા. ધોરણ ૧૦ની ઉત્તરવાહીના મૂલ્યાંકન માટે ૨૮ હજાર શિક્ષકો છે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૧૦ હજાર શિક્ષકોને ઓર્ડર ઈશ્યુ કરાયા છે. ત્યારે ધોરણ ૧૨ સાયન્સ માટે ૬ હજાર શિક્ષકો નક્કી કરવામાં આવ્યા છે.

૪૪ હજાર શિક્ષકોની સાથે જ રાજ્યભરમાં કુલ ૪૦૪ મૂલ્યાંકન કેન્દ્રોને પણ નક્કી કરવામાં આવ્યા છે. જેમા ધોરણ ૧૦ના ૧૫૨ કેન્દ્રો રહેશે ત્યારે ધોરણ ૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહના મળીને ૨૫૨ કેન્દ્રો નક્કી થયા છે. આ તમામ કેન્દ્રો પરથી ઉત્તરવહીના મૂલ્યાંકનની કામગીરી કરવામાં આવશે. સાથે જ ૮૦થી ૯૦ માર્ક ધરાવતી ઉત્તરવહીને બેથી ત્રણ શિક્ષકો દ્વારા ચેક કરાવવામાં આવશે.

આ વર્ષ મૂલ્યાંકનની કામગીરીમાં પણ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. જેમ કે, મૂલ્યાંકન સમયે જો કોઈ શિક્ષક રજા પર રહેશે તો શિક્ષકની સાથે તે જે શાળામાં ભણાવે છે તે શાળાને પણ દંડ ફટકારવામાં આવશે. આ પહેલા માત્ર શિક્ષકને જ દંડ મળતો હતો. પરંતુ આ નિયમ બાદ હવે શાળાઓ પણ શિક્ષકોને સમયસર મૂલ્યાંકન કરવા માટે રજા આપી શકશે.

હવે ધો.૧૦-૧૨ની માર્કશીટ જમા સમયમર્યાદા વધારીને ૧૨૦ કરાઇ

ગાંધીનગર

બોર્ડની પરીક્ષામાં ધાર્યું પરિણામ ન આવે તો ઘણા વિદ્યાર્થીઓ પોતાની માર્કશીટ જમા કરાવી ફરી પરીક્ષા આપતા હોય છે. બોર્ડ દ્વારા આ અંગેના નિયમમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

અગાઉ રિઝલ્ટ જાહેર થયાના ૯૦ દિવસની અંદર વિદ્યાર્થી માર્કશીટ જમા કરાવી ફરી પરીક્ષામાં બેસી શકતા હતા. જોકે, હવે આ સમયમર્યાદા વધારીને ૧૨૦ દિવસ કરી દેવામાં આવી છે. મતલબ કે, રિઝલ્ટ આવ્યાના ચાર મહિનાની અંદર કોઈ પણ વિદ્યાર્થી માર્કશીટ જમા કરાવી ફરી પરીક્ષામાં બેસી શકશે.

આ સિવાય જે વિદ્યાર્થીએ માર્કીટ જમા કરાવી હોય તે જો ફરી પરીક્ષા આપવા ના માગતો હોય તો તે પરીક્ષા શરુ થવાના ત્રણ દિવસ પહેલા બોર્ડને લેખિતમાં તે અંગે જાણ કરી શકશે. એટલું જ નહીં, આ વિદ્યાર્થીને પોતાની જૂની માર્કશીટ પણ પાછી મળી જશે. આ સ્થિતિમાં તેનું જૂનું પરિણામ માન્ય ગણાશે, અને તેના આધારે તે આગળ અભ્યાસ કરી શકશે.

બોર્ડ દ્વારા દર વર્ષે માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષા લેવાયાના બે મહિનાની અંદર પરિણામ જાહેર થઈ જતું હોય છે. જોકે, કેટલાક વિદ્યાર્થીઓ પોતાના પરિણામથી નાખુશ હોવાના કારણે ફરી પરીક્ષા આપવા માગતા હોય છે. આવા સ્ટૂડન્ટ્સ પોતાની જૂની માર્કશીટ પાછી જમા કરાવી બીજા વર્ષે ફરી પરીક્ષા આપે છે.





૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન પ્રસંગે અમદાવાદમાં વિવિધ સંસ્થાઓની સાથે ઈસનપુર પોલીસ સ્ટેશન દ્વારા પણ અનોખી ઉજવણીના ભાગરૂપે પોલીસ મથક અને અન્યત્ર ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઈસનપુર પોલીસ મથકના પીઆઈ જે.એમ. સોલંકી દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમની હાજરી અને નિશ્રામાં થયું હતું.

વેસ્ટર્ન ડિસ્ટબન્સ અસર: આજે રાજ્યમાં માવઠાની શક્યતા, ખેડૂતો ચિંતિત

ગાંધીનગર

વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરને કારણે રાજયના વિવિધ વિસ્તારમાં માવઠું પડયા બાદ ઠંડક પ્રસરી છે. તાપમાનમાં ઘટાડાને કારણે ઠંડીનો અનુભવ થઇ રહ્યો છે. ત્યારે વધુ એકવાર રાજયના કેટલાક વિસ્તારમાં વાતાવરણમાં પલટાના યોગ સાથે વરસાદ થવાની શકયતા છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે વાતાવરણ સામાન્ય રહેશે. જો કે આવતીકાલે રાજસ્થાનમાં સાયકલોનીક સરકયુલેશન સિસ્ટમ સર્જાશે. અને તેની અસરને કારણે ઉત્તર ગુજરાત સહિતના કેટલાક ભાગોનું વાતાવરણ પલટાઇ શકે છે. અને સાથે જ માવઠાની પણ શકયતા છે.

હવામાન વિભાગ મુજબ રાજયનાં વાતાવરણમાં એક વાર ફરી પલટો આવશે. એક વાર ફરીથી સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય થઇ રહ્યું હોવાંને કારણે રાજયમાં વરસાદ વરસવાની શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે જો રાજયમાં ગરમીનાં પ્રમાણની વાત કરીએ તો અમદાવાદમાં આગામી ૧૩ માર્ચ સુધી લઘુત્તમ તાપમાન ૧૨-૧૫ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સુધી રહી શકે તેવી શક્યતા છે. જો કે શહેરમાં મોટે ભાગે વાતાવરણ સ્વચ્છ જ રહેશે. શહેરમાં આગામી અઠવાડિયું લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી સુધી રહેશે.

બીજી બાજુ જો દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં પણ કમોસમી વરસાદની અસર નહીંવત થવાની શક્યતા છે. સુરતમાં તાપમાનનો પારો જોઇએ તો ૧૩ માર્ચ સુધી લગભગ ૩૦ ડિગ્રી સુધી રહે તેવી શક્યતા છે. જયારે રાજકોટમાં લઘુત્તમ તાપમાન ૧૪થી ૧૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સુધી રહેશે. જયારે દેવભૂમિ દ્વારકામાં ૧૦ માર્ચે હળવો વરસાદ થવાની શક્યતા છે.

પશુઓનું મારણ કરનાર દીપડો આખરે પાંજરે પૂરાયો

વડોદરા

પાદરા તાલુકાના હુસેપુર અને મેઢાદ ગામની સીમમાંથી અનેક પશુઓનું મારણ કરનાર દીપડાને પાંજરે પુરવામાં આવ્યો છે અને પાદરા વન વિભાગ ખાતે લઇ જવામાં આવ્યો છે.

દીપડાની ફરીયાદ સરપંચ દ્વારા મળતા વન વિભાગે એક માસ અગાઉ મેઢાદ ગામની સીમમાં પાંજરૂ મૂકવામાં આવ્યું હતું અને પ્રાણી જીવ રક્ષક સંસ્થાનાં કાર્યકરોએ દીપડાને પકડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પાદરા વન વિભાગે દીપડાને પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત વર્ષે કરજણ તાલુકાના વિરજાઈ પાસે પણ દીપડો પકડાયો હતો. વડોદરા જિલ્લાના પાદરાના ચાણસદથી લઈને નેદ્રા સુધી આવેલી વિશ્વામિત્રી અને ઢાઢર નદી કિનારે છેલ્લા બે વર્ષથી ઝાડી ઝાખરોમાં ફરતો હતો. છેલ્લા ઘણા દિવસોથી પાદરા તાલુકાના ગામોમાં દિપડાએ અનેક પશુઓને શિકાર બનવ્યા હતા.

બગલામુખી આશ્રમ વિવાદ: પાખંડ ધર્મગુરુ પ્રશાંતને છાતીમાં દુખાવો ઉપડ્યો

વડોદરા

વડોદરાના વારસિયા વિસ્તારમાં બગલામુખી આશ્રમની સ્થાપરના કરી અને તાંત્રિક વિધિના નામે લોકોને છેતરતો પાખંડી ધર્મગુરૂ પ્રશાંત ઉપાધ્યાય લાખોની છેતરપિંડીના કેસમાં પોલીસ લોકઅપમાં જેલની હવા ખાઈ રહ્યો છે. આ વિવાદાસ્પદ તાંત્રિક પોલીસના સાનિધ્યમાં ફરીથી છાતીમાં દુ:ખાવાની ફરિયાદ કરતા વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

વડોદરા શહેરના વારસિયા રિંગ રોડ પર આવેલા બગલામુખી બ્રહ્માસ્ત્ર મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાય સામે વારસિયા પોલીસમાં વેપારી પાસેથી ૨૧.૮૦ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ઉપરાંત બગલામુખી મંદિરમાં રહેતો યુવક છેલ્લા ૩ વર્ષથી રહસ્યમય રીતે ગુમ થતાં તેની માતાએ બગલામુખી મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાય, કિરણબેન ગુરૂમુખ અને કોમલ ઉર્ફે પીંકી ગુરૂમુખભાઈ સામે વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ પ્રશાંત ઉપાધ્યાયે આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. જોકે આગોતરા જામીન નામંજૂર થયા બાદ પ્રશાંત ઉપાધ્યાય પોલીસ પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. વારસીયા પોલીસે ટીમો બનાવીને પ્રશાંત ઉપાધ્યાયની શોધખોળ હાથ ધરી હતી.

એલઆરડી ભરતી વિવાદ: ૧૧ માર્ચે હાઈકોર્ટમાં સુનાવણી

નિમણૂંક પત્રો ન મળતાં મહિલાઓની ફરી આંદોલન કરવાની ચિમકી

ગાંધીનગર

એલઆરડી ભરતી વિવાદ મામલે મહિલા ઉમેદવારોએ બે મહિના કરતા વધુ સમય સુધી આંદોલન કર્યા બાદ ગત ફેબ્રુઆરીમાં સરકારે એક ફોર્મ્યુલા તૈયાર કરી ૧ ઓગસ્ટ ૨૧૦૮ના પરિપત્રનો અમલ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી. ગુજરાત સરકારે મહિલા ઉમેદવારોને અન્યાય ન થાય એ માટે ૨,૧૫૦ બેઠક વધારીને ૫,૨૨૭ બેઠક પર ભરતીની સમાધાન ફોર્મ્યુલા જાહેર કરી હતી. ત્યાર બાદ મહિલા ઉમેદવારોએ આંદોલન સમેટી લીધું હતું. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, એલઆરડી ભરતી પ્રક્રિયામાં ૫૦ ટકા ગુણાંક અને ૬.૫ ગુણ મેળવ્યા હોય તેવી બહેનોને લાભ આપવામાં આવશે. માત્ર એટલું જ નહીં, સરકારે મહિલા દિવસ નિમિત્તે એપોઈન્ટમેન્ટ લેટર આપવાની પણ જાહેરાત કરી હતી. જો કે મહિલા દિવસે એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં ન આવતા આ મહિલા ઉમેદવારોએ ફરી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ અંગે આંદોલનનું આયોજન કરનારા સુરેશ ચૌધરીએ જણાવ્યું કે, જો ૧૧ માર્ચ સુધીમાં મહિલા ઉમેદવારને ઓર્ડર નહીં મળે તો હું અને મારી ટીમ અને એલઆરડીની દરેક મહિલા ઉમેદવાર ફરીથી ગાંધીનગરમાં મહાઆંદોલનની તૈયારીઓ કરી વિધાનસભાનો ઘેરાવ કરીશું.

આ અંગે આંદોલનનું આયોજન કરનારા સુરેશ ચૌધરીએ જણાવ્યું કે, હું મહિલાઓ વતી સરકાર ને કહેવા માંગુ છું કે, સરકારે ૮ માર્ચે એટલે કે મહિલા દિવસે ૬.૫ ટકાનું મેરિટ ધરાવતા ૫,૨૨૭ ઉમેદવારોને એલઆરડીના નિમણૂંક પત્રો આપી કાર્યવાહી પૂર્ણ કરી દેવાશે, સરકારને એટલું જ કહેવું છે કે હવે બહુ થયું તમે કહ્યું એ પ્રમાણે અમે રાહ જોઈ અને એલઆરડી અંગે ૧૧ માર્ચે હાઈકોર્ટમાં સુનાવણી હોવાથી ત્યાં સુધી રાહ જોઈશું.

રાજ્યસભા ચૂંટણી: ધૂળેટી બાદ નામોની જાહેરાત,ભાજપ અપક્ષને સમર્થન આપશે..!!?

ગાંધીનગર

ગુજરાતની રાજ્યસભાની ચૂંટણી માટે તા.૨૬ માર્ચ નિર્ધારીત કરવામાં આવી છે. ત્યારે પાટનગરના રાજકીય વાતાવરણમાં વિવિધ હોળીના રંગો ખીલે તેવા એંધાણ શનિ–રવિની રજામાં જોવા મળ્યા છે. ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારીપત્રો ભરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપ તેનો નવો રંગ દેખાડશે તેવા સંકેત મળી રહ્યા છે. ભાજપ ત્રીજા ઉમેદવારને સીધી મેદાનમાં ઉતારવાને બદલે અપક્ષ ઉમેદવારને સમર્થન કરીને મેદાનમાં ઉતારે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. પરિણામે આ વખતની રાયસભાની ચૂંટણી રસપ્રદ બની રહેશે.

પાટનગરના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યસભાના ચાર સભ્યો માટે તા.૨૬ માર્ચ મતદાન યોજાનાર છે. આ મતદાનને લઈ ભાજપ પોતાના દ્વારા સભ્યો સિવાસ કોંગ્રેસના સભ્યો તોડવાની માથાકૂટ કરવાને બદલે અપક્ષને સમર્થન આપવાના મૂડમાં આવી ગયું છે.

બન્ને મુખ્ય રાજકીય પક્ષોના સૂત્રોમાંથી જાણવા મળતી બાબત મુજબ નો રિપીટેશનની થિયરી પર હાલ કામકાજ ચાલી રહ્યું છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોમાં ટિકિટની દાવેદારીને લઈ રજૂઆતોનો ધોધ વહી રહ્યો છે. કોંગ્રેસમાં ભરતસિંહ સોલંકી અને તુષાર ચૌધરીના સમર્થકો દિલ્હી સુધી દોડ લગાવી ચૂક્યા છે. ભાજપમાં શંભુપ્રસાદ ટૂંડિયાને રિપીટ કરવા તેમના સમર્થકો પણ પક્ષ પ્રમુખથી લઈ મુખ્યમંત્રી સુધી દોડ્યા છે.

બીજીબાજુ પાર્ટીના મહાનુભાવો આ મામલે કોઈને કઈ જણાવવા નથી માગતા હાલ તો બન્ને રાજકીય પક્ષોએ ફોર્મ વિધાનસભા સચિવાલય ખાતેથી ઉપાડી લીધા છે. હાલના ચિત્ર મુજબ રાયસભાની ચાર બેઠકો પૈકીની એક બેઠક કોંગ્રેસ પાસે છે. ત્રણ ભાજપ પાસે છે. મતોના મૂલ્ય અને ગણતરી મુજબ બે ભાજપ અને બે કોંગ્રેસ થાય તેવા સંજોગોમાં કોંગ્રેસને કોઈ પણ પ્રકારનો ફાયદો થાય તેવુ ભાજપ ઈચ્છતી નથી. આવા સંજોગોમાં ભાજપ અપક્ષને ટેકો આપશે.

પોલીસકર્મીએ કહ્યું: 'તને આટલુ બધુ કરવાનું કોને કહ્યું હતું'

વડોદરામાં દારૂ મામલે પોલીસની મિલિભગત!, બુટલેગરનો ઓડિયો વાયરલ

વડોદરા

રાજ્યમાં પોલીસ જ બુટલેગરને છાવરતી હોવાનો કિસ્સો અવાર નવાર પ્રકાશમાં આવતા હોય છે ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વડોદરામાં પોલીસ અને બુટલેગરની મિલીભગતનો એક ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. બુટલેગર લાલો જયસ્વાલ અને વડોદરાના પોલીસકર્મી રવિન્દ્રનો ઓડિયો વાયરલ થયો છે. આ ઘટનામાં ન્ઝમ્એ રેડ પાડી ૨૩ લાખનો દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ મુદ્દામાલ છોડાવવા માટે બુટલેગર પોલીસકર્મીના સંપર્કમાં હતા. રેડ દરમિયાન ન્ઝમ્ના સાથે વડોદરાના બે પોલીસકર્મી હતા, જે બુટલેગરના સતત સંપર્કમાં હતા. હાલ સોશિયલ મીડિયામાં વાયરલ ઓડિયામાં તમામ સેટિંગ કરવાની પોલીસકર્મી વાત કરી રહ્યો છે. જેમાં સ્પષ્ટ થાય છે કે, ૨૩ લાખનો મુદ્દામાલ પકડ્યા પછી પણ પોલીસ બુટલેગરને છાવરી રહી છે. આ ઘટનામાં રતનપુરના બુટલેગર જયસ્વાલ બંધુ પરિવાર સાથે ફરાર છે. ત્યારે વાયરલ ઓડિયો પોલીસની ઈજ્જતના ધજ્જીયા ઉડાવે છે.

આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, વડોદરાના બે પોલીસકર્મી અને બુટલેગર વચ્ચેની મિલીભગતનો પર્દાફાશ કરતો એક ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. રતનપુર ખાતે ઝડપાયેલા પાંચ લાખથી વધુની કિંમતના દારૂ જથ્થામાં માથાભારે બુટલેગર લાલો જયસવાલ અને ગ્રામ્ય એલસીબીની સાંઠગાંઠ ખુલ્લી પડી ગઈ છે. દરોડા પડતા અગાઉ અને દરોડા પડયા બાદ પણ એલસીબીના બે પોલીસકર્મીઓ બુટલેગર સાથે મોબાઈલ સાથે સતત સંપર્કમાં હતા.બુટલેગરને દારૂના ધંધા માટે છૂટ આપનાર એલસીબીના રવિન્દ્ર ઉર્ફે રવિ નામના પોલીસ કર્મી અને રતનપુરના બુટલેગર વચ્ચે થયેલી વાતોનો ઓડિયો વાયરલ થયો છે.

આંગણવાડીમાં દારૂ સંતાડનારી મહિલા બુટલેગર આખરે ઝડપાઈ

અમદાવાદ

૮મી માર્ચનાં રોજ ઉજવાતા મહિલા દિવસે એટલે ગઈકાલે મહિલા બુટલેગરની અમદાવાદ ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે. મહિલા અને તેના પુત્રો ઘરમાં અને પાસે આવેલી આંગણવાડીમાં શૌચાલયમાં દારૂ છુપાવ્યો હતો. જેથી તમામ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જોકે, મહિલા બુટલેગરનાં બંને પુત્રો ફરાર હોવાથી પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે.

ક્રાઇમ બ્રાન્ચનાં પીએસઆઈ એન.એચ.ચુડાસમાની ટીમને બાતમી મળી હતી કે, સૈજપુર બોઘામાં દારૂ છુપાવેલો છે. જેથી ટીમે ત્યાં જઈને તપાસ હાથ ધરી હતી. ત્યારે ધુપસિંઘની ચાલીમાં રતન ઉર્ફે બંટી ગજબે તેનો ભાઈ ભાવેશ ઉર્ફે બાડીયો દારૂ વેચતો હોવાની માહિતી મળતા પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. ત્યાં રતન અને ભાવેશની માતા પુષ્પાબહેન મળી આવ્યા હતા. તેમના ઘરની તપાસ કરતા તેમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

બાદમાં અન્ય જગ્યાએ તપાસ કરતા છૂટો છવાયો દારૂનો વધુ જથ્થો મળી આવ્યો હતો. તેમની પૂછપરછ કરતા પુષ્પાબહેને કહ્યું કે, આ જથ્થો તેમના પુત્રો લાવ્યા હતા. બંને દારૂનો ધંધો કરે છે. બાદમાં વધુ જથ્થો ક્યાં છે તે બાબતે પૂછતાં આગળ આંગણવાડીનાં શૌચાલયમાં છુપાવ્યો હોવાની હકીકત પુષ્પા બહેને આપી હતી. જેથી પોલીસે ત્યાં જઈને તપાસ કરી તો આંગણવાડીનાં શૌચાલયમાંથી પણ દારૂની બોટલો મળી આવી હતી.

અમદાવાદના ચાર તળાવોનું હવે બ્યુટીફિકેશન થશે

અમદાવાદ

શહેરના રાજ્ય સરકાર હસ્તકના ચાર તળાવોનો વિકાસ કરવા માટેઆ તળાવોઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વિના મૂલ્યે સોંપવાનો તાજેતરમાં જ સરકારે નિર્ણય કરતા હવે મનપા દ્વારા આ તળાવોનું બ્યુટીફિકેશન કરવામાં આવશે. સિટી બ્યુટીફિકેશન માટે તથા આ તળાવોની આસપાસના વિસ્તારના નાગરિકોને હરવા-ફરવા અને મનોરંજન માટેના પર્યાવરણ પ્રિય સ્પોટ તરીકે મહાનગરપાલિકા આ તળાવોનો વિકાસ કરશે. જેતળાવો અમદાવાદ મહાનગરપાલિકાને વિનામૂલ્યે સોંપવાનો નિર્ણય કર્યોછે તેમાં વટવાના સર્વે નંબર ૯૦૭ પરનું વાંદરવટ તળાવ, છારોડીના સર્વે નંબર ૨૫૧ પરનું સરકારી તળાવ તેમજ ગોતામાં સર્વે નંબર ૧ પરનું ગામ તળાવ અને શીલજમાં બ્લોકનં.૮૬ પરનું સરકારી તળાવ મહાનગરપાલિકાને સોંપવામાં આવશે.

ફાયર ફાયટિંગમાં નડતરરૂપ

૮૩ ટેક્સટાઈલ્સ માર્કેટો પૈકીની ૨૧ માર્કેટોમાં ડીમોલીશન શરૂ કરાયું

ઓટીએસ તથા કોમન પેસેજ ખુલ્લા કરાયા

સુરત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં ફાયર ફાયટીંગની કામગીરીમાં નડતરરૂપ બિનઅધિકૃત બાંધકામ, દબાણ દુર કરવાની કામગીરીનાં ભાગરૂપે અત્રેથી તા.૨૫/૦૨/૨૦૨૦ થી તા.૦૭/૦૩/૨૦૨૦ સુધી કુલ ૮૩ ટેક્ષટાઈલ માર્કેટો પૈકી ૨૧ માર્કેટોમાં ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તેમજ ટેક્ષટાઈલ માર્કેટોમાં ફાયર ફાયટીંગમાં અડચણરૂપ દબાણો/બાંધકામો જેવાં કે, માર્જીન વાળાં ભાગમાં બનાવવામાં આવેલ પતરાનો શેડ, જે ફાયર ફાયટીંગ તથા રેસ્કયુ ઓપરેશનમાં અડચણરૂપ હોય તે દુર કરવા, બારી, વેલ્ટીલેશન જાળી ખુલી શકે તેવા કરવા, મંજુર પ્લાન વિરૂધ્ધનું પાર્કીંગ ખુલ્લા કરવા સહિતનું તમામ બિનઅધિકૃત બાંધકામ દુર કરવા, ઓ.ટી.એસ. ખુલ્લા કરવા, દાદરા કોમન પેસેજ ખુલ્લા કરવા સહિતનું કામ હાલ ચાલુ છે. તેમજ ટેક્ષટાઈલ માર્કેટોમાં એલીવેશન ટ્રીટમેન્ટ માટે હવા/ઉજાસ બંધ કરી બનાવવામાં આવેલ ફસાડ પ્રકારનાં સ્ટ્રકચરને પણ ખુલ્લા કરવા અંગે નોટીસો પાઠવવામાં આવેલ છે. વધુમાં ઉપરોકત બાબતે વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૭૫,૦૦૦/- તથા સીક્યોરીટી ડીપોઝીટ પેટે રૂા.૧૩,૦૦,૦૦૦/- ની દંડકીય વસુલાત કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ઈ.ચા.સીટી ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ, ફાયર વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે તથા સીક્યુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

ફાર્મ હાઉસ ગેંગ રેપ કેસના બે આરોપીઓના રિમાન્ડ પૂરા

સુરત

કામરેજ આસ્થા ફાર્મ હાઉસ ખાતે ૪૧ વષના પરીણીતા સાથે બે વ્યક્તિઓ દ્વારા ગુજારવામાં આવેલા સામુહિક બળાત્કાર પ્રકરણમાં અમરોલી પોલીસે એક આરોપીની ધરપકડ કરી તેણા એક દિવસના રિમાંડ પુરા થતા તેમને લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. એવું અમરોલી પોલીસ મથકના મહિલા પીએસઆઈ મોદીએ જણાવ્યું હતું.

અમોરીલ પોલીસ સુત્રો જણાતા અનુસાર , અમરોલી-મોટા વરાછા યમુના ચોક ખાતે રહેતા પરેશ તળાળીયા એક ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલક છે. તેમણે ૪૧ વર્ષની બે સંતાનોની માતા સાથે પ્રેમ સંબંધ બાંધાયો હતો. જો કે, પરેશ આર્થિક મદદ કરવાની લાલચ પણ આપી અવર-નવર વિવિધ જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. ગત દિવસોમાં કામરેજ ખાતે આવેલા આસ્થા ફાર્મ હાઉસમાં જઈને આરોપી પરેશ તળાળીયા અને તેના મિત્રએ પરીણીતાને કામરેજ આસ્થા ફાર્મ હાઉસ ખાતે બોલાવી સામુહિક બળાત્કાર ગુજાર્યો હતો. અમરોલી પોલીસે આરોપી પરેશની ધરપકડ કરી મેળવેલા ૧ દિવસના રિમાંડ પુરા થતા અદાલતે તેને લાપપોર જેલમાં મોકલી આપ્યો હતો.

નર્મદા ધારીખેડા સુગરની ચૂંટણી આવતા રાજકીય ગરમાવોઃ ચૂંટણી પ્રક્રિયાના ભંગનો વિવાદ



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લાની જીવાદોરી ગણાતી નર્મદા ખાંડસરી ઉદ્યોગ ધારીખેડા, શુગર ફેક્ટરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી પાંચ વર્ષની ટર્મ પુરી થયા એપ્રિલ મહિના માં આવી રહી છે.હાલ ૪ થી માર્ચ ૨૦૨૦ સુધીની મતદાર યાદી જાહેર પાડવામાં આવી છે.આગામી એપ્રિલ મહિના માં ચૂંટણી જાહેર થશે ત્યારે વિધાનસભાની ચૂંટણી હોય એમ ભાજપના જ બે જૂથો સામસામે આવી જશે.આ વખતે પ્રદેશ ભાજપ પણ આ ચૂંટણીમાં હસ્તક્ષેપ કરી જૂથવાદને શાંત કરવાના પ્રયત્નો કરી શકે છે.

આ ચૂંટણી યોજાઈ એ પેહલા જ વિવાદ પેદા થયો છે. ધારીખેડા સુગરના સભાસદ ભરૂચ જિલ્લાના પાણેથા ગામના સતીશ પટેલે ગંભીર આક્ષેપ કરી ચૂંટણી અધિકારી એવા નર્મદા ધારીખેડા સુગરના ઈન્ચાર્જ એમડી નરેન્દ્ર પટેલને લેખિત રજુઆત કરી છે.નર્મદા ધારીખેડા સુગરની ૩/૩/૨૦૨૦ થી ચૂંટણી પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે.તો મંડળીમાં અથવા મંડળીના કોઈ પણ સ્થળે સભાસદોની મિટિંગ રાખી શકાય નહી.તેમ છતાં ગત ૮/૩/૨૦૨૦ ના રોજ મંડળીના મકાનમાં વ્યવસ્થાપકોએ મિટિંગ બોલાવી હતી જે ચૂંટણી પ્રક્રિયાનો ભંગ છે.તો આ બાબતે નિયમોનુસાર કાર્યવાહી થવી જોઈએ.અત્રે એ ઉલ્લેખનીય છે કે સુગર ફેકટરીમાં ડેરીની બેઠક કરવાની જરૂરિયાત કેમ ઉભી થઈ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

આ બાબતે નર્મદા સુગરના ઈન્ચાર્જ એમડી નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આ બેઠક સુગરની ન હતી.નર્મદા સુગરની ચૂંટણીનું જાહેરનામું હજુ પડ્યું નથી.પ્રાથમિક મતદાર યાદી સુધારણા પ્રક્રિયા કરી છે.સુગરને અનુલક્ષીને નહિ પણ ડેરીને લગતી મિટિંગ હતી.એમણે અગાઉથી આ મિટિંગનું નક્કી કર્યું હતું એ પછી સુગરની ચૂંટણી પ્રક્રિયા ચાલુ થઈ. હવેથી કોઈ પણ મિટિંગ સુગરમાં નહિ કરાવીએ.

બારડોલી ખાતે પ્રધાનમંત્રી જન ઔષધી દિવસની ઉજવણી

ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે જન ઔષધી કેન્દ્રો આશીર્વાદરૂપ બન્યા છે : સાંસદ

સુરત

કેન્દ્ર સરકારે જેનેરિક દવાઓના અંગે જાગૃતિ ફેલાવવા અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ૭મી માર્ચને સમગ્ર ભારતમાં 'જનઔષધિ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે જેના ભાગરૂપે બારડોલી તાલુકા મથકે બારડોલીના સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને જન ઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ વેળાએ સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો આશીર્વાદરૂપ નીવડયા છે. ડાયાબિટીસ, સુગર, પ્રેશરવાળા, હદયરોગ જેવા દર્દીઓને આજીવન મોંઘીદાટ દવા લેવી પડતી હોય છે. આ જ દવાઓ જનઔષધિ કેન્દ્રોમાં રાહતદરે આપવામાં આવે છે જેના કારણે ગરીબ દર્દીને મોટો ફાયદો થયો છે. ધીમે ધીમે જિલ્લાભરમાં નવા નવા જનઔષધિ કેન્દ્રોની ખુલી રહ્યા છે. જેનો લોકોને બહોળી સંખ્યામાં લાભ લેવાનો સાંસદશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ વેળાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજનાના લાભાર્થીઓ અને જન ઔષધિ કેન્દ્રના માલિકો સાથે સંવાદ યોજયો હતો જેનો બારડોલીવાસીઓએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી નિહાળ્યો હતો.

આ વેળાએ નગરપાલિકાના પ્રમુખશ્રી ગણેશભાઈ ચૌધરી, દિવાળી બા ટ્રસ્ટના મેનજીગ ટ્રસ્ટીશ્રી નલિનભાઈ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી કિશોરભાઈ, અગ્રણીશ્રી અજિતસિંહ, આશિષભાઈ ઉપાધ્યાય, રાકેશભાઈ, જાદવભાઈ, કોર્પોરેટરો, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્મીમેરમાં ફેબ્રુઆરીમાં ૫૮૪૨૭ આઉટડોર દર્દીઓની સારવાર

એક માસમાં ૩૭૩૬ નાના અને ૭૪૦ મોટા ઓપરેશન કરાયા

સુરત

સ્મીમેર હોસ્પીટલમાં માહે ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન ૪૩૪૧ ઈન્ડોર તથા ૫૮૪૨૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૩૭૩૬ નાના તથા ૭૪૦ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૩૦૩૨ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૮૮૧ અને જુના ૧૭૯૨ દર્દીઓ સહીત કુલ ૩૬૭૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૨૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૮૫૧ તથા આંખ વિભાગમાં ૩૮૮૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૮૭૦૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

કોરોના વાયરસથી બચવા ઉકાળાનું વિતરણ કરાયું

નવસારી

નિયામકશ્રી, આયુષની કચેરી ગાંધીનગર દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આ ઋતુ સંધિકાળમાં થતા કફ વાયુજન્ય સંક્રામકરોગ જેવા કે શરદી, ખાંસી, તાવ વિષાણું (કોરાના વાઈરસ) જેવા રોગોથી બચવા સરકારી આયુર્વેદ હોસ્પિટલ, કાલિયાવાડી, નવસારી ખાતે વિનામૂલ્યે આયુર્વેદ ઉકાળા તથા હોમિયોપેથિક દવાઓનું વિતરણ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ સુધી કરવામાં આવશે. જેનો નવસારી જિલ્લાની જાહેર જનતાએ લાભ લેવા નવસારી સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડાલ.ઉર્વિબેન પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઓલપાડની ઓરબીટ સ્માર્ટ સ્કૂલના વાર્ષિક ઉત્સવ યોજાયો

સુરત

ઓરબીટ સ્માર્ટ સ્કૂલ (અટોદરા-ચોકડી પાસે, ઓલપાડ સાયણ રોડ સુરત) ખાતે વાર્ષિક ફેસ્ટિવલમાં મુખ્ય મહેમાન પદે મુકેશભાઈ પટેલ (ધારાસભ્ય) વિનુભાઈ મોરડીયા (ધારાસભ્ય), બ્રિજેશભાઈ પટેલ (તાલુકા સંગઠન પ્રમુખ), જયાબેન ભગવાકર (પ્રમુખ તા.પ.), દિપેશભાઈ પટેલ (ઉપપ્રમુખ), પારૂલબેન પટેલ (કારોબારી સભ્ય), સતીષભાઈ પટેલ (કિસાન મોરચો), ભીમજીભાઈ પણસારા (ઉપપ્રમુખ), કતારગામના કોર્પોરેટરો, ઉપસ્થિત રહી બાળકોમાં પર્યાવરણ જાગૃતિ, રાષ્ટ્રભાવના કુટુંબ ભાવના કેળવાય, સુષુપ્ત શક્તિ ખીલે એ હેતુસર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. પ્રમુખ નીતિનભાઈ જોઘાણી, ઉપપ્રમુખ આકાશભાઈ વસ્તરપરા, ટ્રસ્ટી દિનેશભાઈ જોઘાણી સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. ઓરબીટ સ્માર્ટ સ્કૂલના પ્રિન્સીપાલ અને સંચાલક મનસુખભાઈ સરખેલીયાએ આવકાર અને આભારની લાગણી પ્રગટ કરી હતી.

અંતાપુર પલાસીયા ખાતે ઉર્સ મુબારક

સુરત

કોમી એકતાના પ્રતિક ઔલાદે સિદીકે અકબર પીરે તરીકત રોશનઝમીર જનાબ ચાંદપીર ઉર્ફે શમશીરઅલી ઝુલઅતા રે.એહ. સ્થળ અંતાપુર પલાસીયા ઉનાઈ રોડ જિલ્લા તાપી ખાતે યોજાશે. જેમાં સંદલ શરીફ ૧૦-૩-૨૦૨૦ મંગળવાર સાંજે ૭ વાગ્યે દાવતે તઆમ અને ઉર્સ શરીફ ૧૧-૩-૨૦૨૦ બુધવાર નમાઝે અસર ચાદર પેશ કરાશે.

નવસારી અંડર ગ્રાઉન્ડ રેલવે બ્રીજનું કામ શરૂ : વાહનો દોડી શકશે નહીં

વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો

નવસારી

પોલીસ અધિક્ષકશ્રી નવસારી તથા ચીફ ઓફિસરશ્રી નવસારી નગરપાલિકાની નવસારીના અભિપ્રાય ધ્યાને લેતાં પશ્ચિમ રેલ્વે લાઈન નવીન બ્રીજ નંબર -૩૯૮ બાંધકામ કરવા માટે તેની સમાંતર આવેલો બ્રીજ નબર-૧૬૦ બંધ કરવાનો થાય છે. આ સમયગાળા દરમિયાન કોઈ વાહન અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય તે માટે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ અંડરગ્રાઉન્ડ બ્રીજ નં-૧૬૦ આઇઆરસીએચ ૨૩૭/૧૮ (પ્રકાશ ટોકીઝની સામે આવેલા અંડર ગ્રાઉન્ડ બીજ)નો વાહનોની અવરજવર માટે તાત્કાલિક અસરથી આગામી તા.૦૪/૦૬/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ દરમિયાન જાહેર જનતાએ વૈકલ્પિક માર્ગ તરીકે જલાલપોરના વાહન ચાલકો બંદર રોડ થઈ પુર્ણા નદીના સાઉથ બ્રીજ નં-૧૦૦ સીએચ/૨૩૮/૫-૧૧ ની નીચેથી રીગરોડ થઈ નવસારી તરફ જઈ શકાશે. નવસારી રેલ્વે સ્ટેશન તથા વિજલપોરના વાહનચાલકો રેલ્વે સ્ટેશન ફાટકનો ઉપયોગ નવસારી શહેરમાં જઈ શકાશે તેમજ રીગરોડના છેડા દક્ષિણ પુર્ણાના રેલ્વે બ્રીજ નીચેથી વાહનવ્યવહાર ચાલી શકે તે માટે બનાવેલ રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે. આ આ હુકમનો અનાદર કે ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.

સુરતમાં રિવરફ્રન્ટ બનાવવા માટે વર્લ્ડબેન્ક ૧૫૦૦ કરોડ રૂપિયા આપશે

સુરત

સૂર્યપુત્રી તાપી નદી કિનારે એક શાનદાર પ્રોજેક્ટ આકાર લેશે. હવે અહીં શાનદાર રિવરફ્રન્ટ બનાવવામાં આવશે. આ માટે વર્લ્ડ બેંકે પણ ૧૫૦૦ કરોડ રૂપિયા આપવાની તૈયારી બતાવી છે. શાનદાર રિવરફ્રન્ટ બનાવવા માટે હવે કેન્દ્રની મંજૂરી મેળવીને કામગીરી શરૂ કરાશે.

સુરત શહેર માટે મહત્વકાંક્ષી ગણાતા રૂપિયા ૩૯૦૪ કરોડના તાપી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેંક ૧૫૦૦ કરોડ રૂપિયા આપવા સહમત થઈ છે .આગામી દિવસમાં આ માટે રાજય અને કેન્દ્ર સરકારની મંજૂરી લઈ આગળ વધવામાં આવશે તેવું મ્યુ.કમિશનરે જણાવ્યું હતું. મળતી માહિતી પ્રમાણે સિંગણપોરથી ઓએનજીસી અને સિંગર પૂરથી કઠોર ૩૩ કીલોમીટર તાપી નદીના બંને કાંઠે અને નવસાધ્ય કરી રિવરફ્રન્ટનો વિકાસ કરવાનું આયોજન છે.

આ આયોજન પ્રમાણે ફેઝ વન માં સૂચિત રૂઢ ભાઠા બરાજથી લઈ સિંગણપોર સુધીના ૧૦ કિલોમીટરમાં અને ફેઝ બેમાં સિંગણપોરથી કઠોર સુધી ૨૩ કિલોમીટરમાં એમ બે ફેઝ માં કામગીરી થશે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટની જેમ તાપી નદી ફ્રન્ટ પ્રોજેક્ટ સાકાર કરાશે. આ માટે તાજેતરમાં પ્રોજેક્ટ માટે બોર્ડ ઓફ ડિરેક્ટર એસપીવીની રચના કરવામાં આવી હતી. આ અંદાજિત ૪૦૦૦ કરોડનો પ્રોજેક્ટ હોવાથી મદદ માટે વર્લ્ડ બેંક સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ જોઈ વર્લ્ડ બેંકની ટીમ પ્રભાવિત થઈ અને ૧૫૦૯ કરોડ રૂપિયા આપવા માટે તૈયાર થઈ છે.

મુખ્યમંત્રી રૂપાણી હસ્તે પ્લેસમેન્ટ પોર્ટલ 'આદિત્ય'નું લોકાર્પણ

સુરત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન-આઈઆઈટીઈ) દ્વારા તૈયાર કરવામાં આવેલા જોબ પ્લેસમેન્ટ પોર્ટલ 'આદિત્ય'-(એકમ્પ્લિશિંગ ડ્રીમ્સ ફોર ઇન્ડિયન ટીચર્સ એન્ડ ર્યનિંગ એડમિનિસ્ટ્રેટર્સ)નું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યુ હતું. શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચૂડાસમા આ વેળાએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત શહેર અને જિલ્લાના અનેક વિદ્યાર્થીઓ અને શાળાઓ માટે પણ આ પોર્ટલ ઉપયોગી બની રહેશે. આઈઆઈટીઈના અભ્યાસક્રમોમાં અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોકરીની તકો ઉપલબ્ધ બને તે માટે આ પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં જ આ પોર્ટલ શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા ઇચ્છુક તાલીમબદ્ધ ઉમેદવારો માટે પણ ખુલ્લું મૂકવામાં આવશે. placement.iite.ac.in પર નોંધણી કરાવીને સ્કૂલ્સ અને વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ આદિત્ય પોર્ટલ લોકાર્પણ કરતાં જણાવ્યું કે, ''આદિત્ય જોબ પોર્ટલ જેવી સુવિધાઓથી આપણા વિદ્યાર્થીઓને દેશ-વિદેશની વિવિધ શાળાઓમાં કામ કરવાની તકો ઉપલબ્ધ થશે. એટલું જ નહિ, ગુણવત્તાયુક્ત તાલીમબદ્ધ શિક્ષકો ઇચ્છતી શાળાઓને પણ આ પોર્ટલના માધ્યમથી કૌશલ્યસભર શિક્ષકો સરળતાએ પારદર્શી પદ્ધતિથી મળી શકશે.''

ભારત જ્યારે પાંચ ટ્રિલિયન ડૉલર્સનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણે તાલીમબદ્ધ મેનપાવર (માનવબળ) પણ નિકાસ કરવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે આઈઆઈટીઈ શિક્ષણ માટેના વૈશ્વિક ધારાધોરણો અને માપદંડો આધારિત ભારતીય જ્ઞાન પરંપરાના મૂલ્યોથી સંવર્ધિત થયેલાં શિક્ષકોનું ઘડતર કરી રહી છે.'' શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, ''આદિત્ય જોબ પોર્ટલ આઈઆઈટીઈ દ્વારા યોગ્ય સમયે તૈયાર કરવામાં આવ્યું છે. નવા તૈયાર થયેલાં શિક્ષકોને આગામી શૈક્ષણિક સત્રથી જ યોગ્ય સ્કૂલોમાં પ્લેસમેન્ટ માટેની તકો આ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ બનશે. ભારતીય શિક્ષણ પદ્ધતિથી તૈયાર થનારા શિક્ષકો નવી પેઢીમાં ભારતીય સંસ્કારો અને મૂલ્યોનું સિંચન કરે તે દિશામાં આ પ્રકારના પ્રકલ્પો ખૂબ ઉપયોગી સાબિત થશે, એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. આ પોર્ટલ લોકાર્પણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, આઈઆઈટીઈના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, આઈઆઈટીઈના રજિસ્ટ્રાર શ્રી ડૉ. એસ સી પટેલ, આઈઆઈટીના ડીન શ્રી ડૉ. કલ્પેશ પાઠક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સચીન જીઆઈડીસીમાં બોથડ શસ્ત્ર વડે પરપ્રાંતીય વ્યક્તિની હત્યા

૪૨ વર્ષીય સંજય તિવારી પર મોટી રાત્રે ઘાતકી હુમલો કરાયો

સુરત

સચિન GIDC વિસ્તારના એક મકાનમાંથી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. રવિવારની મધરાત્રે મળી આવેલો મૃતદેહ પોલીસ તપાસમાં સંજય તિવારી નામનો હોવાનું બહાર આવ્યું હતું. સંજયના માથે ઉપરા ઉપરી ફટકા મારી હત્યા કરાઈ હોવાનું જાણવા મળતા પોલીસ મૃતદેહ સિવિલ લઈ આવી આગળની તપાસ કરી રહી છે.

મૃતકના પુત્ર અમન તિવારીએ જણાવ્યું હતું કે, સંજય ચંદ્રભૂષણ તિવારી (ઉ.વ. ૪૨ રહે આગમ નવકાર રેસિડેન્સી નજીકની ચાલ માં સચિન GIDC) તેમના પિતા હતા. પિતા સંજયભાઈના માથા પર ઈજાના નિશાન જોઈ તેઓ ચોંકી ગયા હતા. ઘર નજીક જીવણ કાકાની ચાલના એક પતરાના મકાનમાં કેટલાક અજાણ્યા ઈસમોએ સંજયના માથા પર બોથર્ડ હથિયાર વડે ઉપરા ઉપરી ઘા મારી હત્યા કર્યા બાદ ભાગી ગયા હોવાનું બહાર આવતા પોલીસને જાણ કરાઈ હતી. ઘરમાં લોહીના ખાબોચીયામાંથી પિતાનો મૃતદેહ જોઈ તેઓ આશ્ચર્યમાં પડી ગયો હતો. જોકે, ઘટના બાદ સચિન GIDCના પીઆઈ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. સંજયની હત્યા લગભગ ૧૦ વાગ્યા સુધીમાં કરાઈ હોય એવું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. જોકે, હત્યા પાછળનું કોઈ કારણ બહાર ન આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પી.એમ.મોદીનું ઓનલાઈનનું સપનું ચકનાચૂર..?!

રાજપીપળા સહિત નર્મદા જિલ્લાની બેન્કોમાં સર્વરની રામાયણ : ATM માં પણ કેશ ન નિકળતા તહેવાર ફિક્કો



કેવડિયા કોલોની સ્ટેટ બેંકમાં હોળીના તહેવારને લઈ રૂપિયા ઉપાડવા આવેલા ગ્રાહકો સર્વર ખોટકાતા વિલા મોઢે પરત ફર્યા

● કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય પ્રોજેક્ટ વધારવામાં આવે એની સાથે લોકો માટે બેન્કિંગ સુવિધા પણ વધારવામાં આવે એવી લોક માંગ
● રાજપીપળા શહેરમાં પણ દર મોટા તહેવારો ટાણે એટીએમ માં કેશ ખાલી હોય ગ્રાહકો અટવાય છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા સહિત નર્મદા જિલ્લાની બેન્કો માં સર્વરની રામાયણ સાથે ATMમાં પણ કેશ ન નિકળતા હોળી જેવા તહેવાર પણ રંગ વગર ફિકો પડતો જોવા મળી રહ્યો છે.જેમાં ખાસ કરીને રાજપીપળાની અમુક બેંકોમાં દર મોટા તહેવારોમાં જ સર્વર અથવા એટીએમ ના ધાંધિયા જોવા મળતા હોય છે જેના કારણે ગ્રાહકો છતે રૂપિયે અટવાય છે.

ગ્રામીણ વિસ્તારમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં હોળી પર્વ ખૂબ જ મહત્વ હોય છે ત્યારે આવા પ્રસંગ દરમિયાન જ બેંકમાં સર્વર બંધ રહેતા લોકો ધક્કે ચઢે છે. આજે કેવડિયા કોલોનીમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં પણ સર્વર ખોટકાતા લોકો પોતાના નાણા ઉપાડવા આવ્યા હતા પરંતુ તેમને વીલા મોઢે પાછા જવું પડ્યું હતું ઉલ્લેખનીય છે કે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા નું સર્વર ખોટકાતા લોકોને પરેશાનીનો ભોગવવી પડી હતી બીજી તરફ વાત કરીએ તો કેવડિયા કોલોનીમાં બીજી બેંક ઓફ બરોડા છે પરંતુ બેંક ઓફ બરોડામાં અપૂરતા સ્ટાફ અને ગ્રાહકોની ખુબ મોટી સંખ્યા હોય છે જેના કારણે લોકોને મોડે સુધી લાઈનમાં ઉભુ રહેવું પડે છે ત્યારે કેવડીયા કોલોની વિસ્તારમાં હાલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય પ્રોજેક્ટ વધારવામાં આવે એની સાથે સાથે લોકો માટે અન્ય બેન્કિંગ સુવિધા પણ વધારવામાં આવે એવી લોકમાંગ ઉઠી છે.

હોળી ધુળેટીના તહેવારમાં ભરૂચ LCB એ લાખો રૂપિયાનો દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ હોળી ધુળેટીના તહેવારને ધ્યાને લઈ પ્રોહી. પ્રવૃતીઓ ઉપર સતત વોચ રાખી ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચના આપતા એલસીબી ટિમ ભરૂચે હોળી ધુળેટીના તહેવાર પુર્વે પ્રોહી/જુગારની ડ્રાઇવ અનુસંધાને જીલ્લામાં મોટા નામચીન બુટલેગરોની હાલની પ્રવૃતી ઉપર નજર રાખી ગણનાપાત્ર કેસો શોધી કાઢવા માર્ગદર્શન આપી અલગ અલગ ટીમ બનાવામાં આવેલ જે પૈકી એ.એસ. ચૌહાણ પો.સ.ઇ એલ.સી.બી.ની ટીમ ભરુચ ડીવીઝન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મળેલ બાતમીના આધારે ગોલ્ડન બ્રીજ ખાતેથી ગાડી માંથી (૧)ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બીયર ટીન નંગ- ૧૯૬૮ કિ,૪૦,૮૦૦/- (૨) રોકડા રૂપિયા ૬૩, ૫૦૦/- (૩) ઈનોવા ફોરવ્હીલ ગાડી- કિ રૂ.૫,૦૦,૦૦૦/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલ મુદ્દામાલ કિં.૯,૧૩,૮૦૦/- ઝડપી પાડવામાં આવેલ છે.તેમજ વાય જી.ગઢવી પો.સ. ઈ.એલ.સી.બી.ની ટીમ દ્વારા ઝઘડીયા ટાઉનમાં રેડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની નાની બોટલ નંગ- ૨૩૮ કિ.રૂ.૨૬,૪૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવેલ છે.તેમજ અંકલેશ્વર તાલુકાના અમરતપુરા ગામે ભરૂચ એલ.સી.બી. ટીમ દ્વારા સંયુક્ત રેડનું આયોજન કરી દેશી દારૂના કુલ ૦૪ કેસો શોધી કાઢી કુલ મુદ્દામાલ કિં.૩૧૯, ૬૦૦/-નો ઝડપી પાડવામાં આવેલ છે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ખાતે કોરોના વાયરસનું ચેકીંગ કરવામાં આવ્યું

અત્યાર સુધીમાં ૨૦ જેટલા પ્રવાસીઓનું ટેમ્પ્રેચર ૧૦૦ કરતા વધુ આવતા તેમને નોર્મલ ચેકીંગ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મેડિકલ સેન્ટર ખાતે સારવાર માટે મોકલી આપવામાં આવ્યા છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



દેશ વિદેશમાં હાલ કોરોના વાયરસ માથું ઉંચકી રહ્યું છે ત્યારે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા કેવડિયા ખાતે બનાવવામાં આવી છે જ્યાં દેશ વિદેશ માંથી પ્રવાસીઓ આવતા હોઈ છે જેમાં હાલ કોરોના વાયરસની દેહસત છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના વાયરસનું થર્મલ ચેકીંગ આજ થી શરુ કરવામાં આવ્યું છે.હોળી ના તહેવારને કારણે અહીં પ્રવાસીઓ વધુ આવનાર હોઈ જેને પગલે આ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. સવાર થી અત્યાર સુધીમાં ૨૦ જેટલા પ્રવાસીઓનું ટેમ્પ્રેચર ૧૦૦ કરતા વધુ આવતા તેમને નોર્મલ ચેકીંગ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મેડિકલ સેન્ટર ખાતે સારવાર માટે મોકલી આપવામાં આવ્યા છે. પરંતુ કોરોના વાયરસનો કોઈ પણ પોઝિટિવ કેશ હાલ સુધી નોંધાયો નથી.

આ બાબતે કલેક્ટર ,નર્મદા મનોજ કોઠારીએ જણાવ્યું હતું કે આજ થી શરુ થયેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કોરોના વાયરસ ચેકીંગમાં બે થર્મલ સ્કેનિંગ મશીન દ્વારા ચેકીંગ હાથ ધરાયુ છે અહીં પ્રવાસીઓની સંખ્યામાં રોજ વધારો નોંધાય રહ્યો છે જેને ધ્યાને લેતા આ ચેકીંગ હાથ ધર્યું છે. કોરોના લક્ષણો જો કોઈમાં દેખાશે તો તેને વધુ સારવાર માટે મોકલી આપવામાં આવશે. ઉધરસ,તાવ અને છીંક ના લક્ષણો કોરોના વાયરસના છે પણ એવા કોઈ લક્ષણો ધરાવતા લોકો અહીં જોવા મળ્યા નથી હાલ બહારનું તાપમાન પણ વધુ છે જેથી અહીં ૨૦ થી ૨૫ લોકોના ટેમ્પરેચર ૧૦૦ થી પણ વધુ આવ્યા છે પણ ગભરાવાની કોઈ જરૂર નથી આ તાપમાનને લીધે પણ હોઈ શકે છે.

બિટીપીના અમુક કાર્યકરો ગુંડાગીરી કરે છે એના પોલીસ રેકોર્ડમાં પુરાવા છે, પોલિસ એમને છાવરે છે : મનસુખ વસાવા(સાંસદ,ભરૂચ)



● બિટીપીના અમુક કાર્યકરો છોટુ વસાવા અને મહેશ વસાવાનું નામ વટાવી ખાતા હોવાનો મનસુખ વાસવાનો આક્ષેપ
● બિટીપી-કોંગ્રેસની તાલુકા-જિલ્લા પંચાયતમાં મોટો ભ્રષ્ટાચાર,અધિકારીઓ એમને છાવરે છે: મનસુખ વસાવા
● જો પોલીસ બિટીપી કાર્યકરો પર ગુના મુદ્દે કાર્યવાહી નહિ કરે તો સરકારમાં રજુઆત કરીશું : મનસુખ વસાવા
● ઝઘડિયા ધારાસભ્ય છોટુ વસાવા વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ટિપ્પણી કરનાર બેંક મેનેજર સામે ફરિયાદ મામલે ભાજપ સાંસદ મનસુખ વસાવા આવ્યા મેદાનમાં, ફરિયાદને ખોટી ગણાવી
● ડેડીયાપાડામાં BTP વિરુદ્ધ સોશિયલ મીડીયામાં ખોટી ટિપ્પણી કરનાર બેંક મેનેજર વિરુદ્ધ ફરિયાદ મામલે નર્મદા કલેકટરને કરી રજુઆત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડાના સામાજીક આગેવાન અને નર્મદા જિલ્લા BTPના(ભારતીય ટ્રાયબલ પાર્ટી) પ્રમુખ ચૈતરભાઈ વસાવાએ ડેડીયાપાડાના નાની બેડવાણ ગામના બેંક મેનેજર જગદીશ વસાવા સામે ધારાસભ્ય છોટુ વસાવા,મહેશ વસાવા વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ટિપ્પણી મુદ્દે ડેડીયાપાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી ગયો છે.આ મામલે હવે ભાજપ સાંસદ મનસુખ વસાવા મેદાનમાં આવ્યા છે એમણે આ ફરિયાદને ખોટી ગણાવી નર્મદા કલેકટરને રજુઆત કરી હતી.

ભરૂચ ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ડેડીયાપાડા, સાગબારાના કાર્યકરો સાથે નર્મદા કલેકટરને રજુઆત કરી હતી.જેમાં એમણે જણાવ્યું હતું કે બિટીપીના ચૈતર વસાવા, બહાદુર વસાવા,દેવેન્દ્ર વસાવા એ છોટુ વસાવા અને મહેશ વસાવાનું નામ વટાવી ખાય છે, એમની વિરુદ્ધ ઘણા ગુના પણ નોંધાયા છે.બેંક મેનેજર જગદીશ વસાવા ની પત્ની વિરુદ્ધ ચૈતર વસાવાએ સોશિયલ મીડિયામાં ખરાબ ટિપ્પણી કરી હતી એ મામલે ફરિયાદ નોંધાવી હતી જગદીશ વસાવાએ સમાધાન ન કર્યું એટલે એમની સામે ખોટી ફરિયાદ કરાઈ છે.ભરૂચ-નર્મદા પોલીસ બિટીપીના અમુક કાર્યકરોને છાવરી તપાસ કર્યા વિના ખોટી ફરિયાદો નોંધે છે.બિટીપીના અમુક કાર્યકરો ગુંડાગીરી કરે છે એના પોલીસ રેકોર્ડમાં પુરાવા છે.ભરૂચ-નર્મદામાં ખોટા કામો કરાવવા બિટીપીના કાર્યકરો સરકારી અધિકારી ઓ પર દબાણ લાવે છે.પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા બિટીપીના કાર્યકરો દાદાગીરી કરે છે.બિટીપી-કોંગ્રેસની તાલુકા-જિલ્લા પંચાયતમાં મોટો ભ્રષ્ટાચાર, અધિકારીઓ એમને છાવરે છે.જો પોલીસ બિટીપી કાર્યકરો પર ગુના મુદ્દે કાયદેસર કાર્યવાહી નહિ કરે તો સરકારમાં રજુઆત કરીશું તેવી ચીમકી પણ સાંસદે આપી છે.

રાજ્યસભાની ચૂંટણીમાં વોટ લેવા મનસુખ વસાવા છોટુ વસાવા વિરુદ્ધ બોલતા નથી:બહાદુર વસાવા

આ મામલે નર્મદા જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન બહાદુર વસાવાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યસભાની ચૂંટણી આવી છે એટલે મત લેવા મનસુખ વસાવા છોટુ વસાવા અને મહેશ વસાવા વિરુદ્ધ બોલી શકતા નથી. બાકી ભૂતકાળમાં એ જ મનસુખ વસાવાએ છોટુ વસાવા વિરુદ્ધ એલફેલ નિવેદનો આપ્યા હતા, આ બધું મતનું રાજકારણ છે.

રાજપીપળા ખાતે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરની ટિમ અજાણી મહિલાને મદદરૂપ થઈ



૫ માર્ચે રાત્રે ૯:૩૦ વાગે એક અજાણી મહિલા મળી પૂછપરછ માં કઈ જાણકારી ન મળતા વડોદરા નારી ગૃહ માં મોકલી અપાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળામાં એક અજાણી મહિલા મળી આવતા રાજપીપળા વન સ્ટોપ સેન્ટરની ટિમ તેની વ્હારે આવ્યું મહિલાને તેમના સેન્ટર પર લાવી જમાડી જરૂરી કાર્યવાહી કરી તેની પૂછપરછ કરી પરંતુ એ કયાના છે, ક્યાંથી આવ્યા એ બાબતે એ કઈ બોલી ન શકતા આખરે વન સ્ટોપ સેન્ટર ની ટિમ અને કેન્દ્ર સંચાલકે આ બેન બાબતે રાજસ્થાન તરફ પણ તપાસ કરી છતાં બેનના પરિવાર બાબતે કોઈ ભાળ ન મળતા આખરે વડોદરાની મેન્ટલ હોસ્પિટલ માં મેડિકલ ચેકઅપ કરાવી નારી ગૃહ વડોદરા ખાતે મોકલી અપાઈ હોવાનું વન સ્ટોપ સેન્ટર ની ટિમ દ્વારા જાણવા મળ્યું હતું.

વધુમાં જાણવા મળ્યા મુજબ રાજપીપળા ખાતે કાર્યરત વન સ્ટોપ સેન્ટર માં કાયદાકીય સહાય,તબીબી સહાય, પોલીસ સહાય સાથે કાઉન્સેલિંગ અને માર્ગદર્શન ની મદદ મળે છે સાથે સાથે કોઈ પણ અટવાયેલી મહિલા અને તેના ૮ વર્ષ સુધીના બાળક સાથે ૫ દિવસ સુધી આ સેન્ટર પર આશ્રય પણ મેળવી શકે છે.માટે કોઈ મુશ્કેલીમાં મુકાયેલી કે અટવાયેલી મહિલાઓ માટે આ સેન્ટર આશીર્વાદરૂપ કહી શકાય.

સંયુક્ત રીતે ખરીદેલો પ્લોટ ભાઈએ યુક્તિપૂર્વક વ્યક્તિગત નામે કરાવી લીધો

મિલ્કતનો હિસ્સો ડૂબાડી દેવા છેતરપિંડી કરાતા ડીંડોલી પોલીસમાં ફરિયાદ

સુરત

ડીંડોલી ગામમાં શિવ સાંઈનગરનો પ્લોટ નં.૬૯/એ ફરિયાદી સહિતના ભાઈઓએ સંયુક્ત રીતે ખરીદી કર્યો હતો. આ પ્લોટની કબજા રસીદ ભાઈઓના નામે બનાવવાના બદલે ચાર જણાએ એકબીજાના મેળાપીપણામાં પોતાના નામે કબજા રસીદ બનાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવાગામ ડીંડોલી શિવ સાંઈનગરમાં રહેતાં રાજધારી અચ્છેલાલ બિંદે આરોપી પ્રમોદકુમાર વિશ્વનાથ મોર્યાય, સદારાવ અચ્છેલાલ, અશોક કાશીરામ મોર્યા, શિવશંકર રામદયાણ બિંદે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ શિવ સાંઈનગરનો પ્લોટ નં.૬૯/એ ફરિયાદી તથા ભાઈઓએ સંયુક્ત રીતે કરીદ કર્યો હતો. જે અંગેની કબજા રસીદ પણ બનાવી હતી. પરંતુ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કબજા રસીદ એકબીજાના નામે બનાવીને વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ડીંડોલી પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ટાઈગર ગ્રુપ નર્મદાની ટીમે ઉજવી નેત્રંગ તાલુકાના અંતરિયાળ ગામોમા હોળી ધુળેટી : ૨૦૦ થી વધુ બાળકોને પિચકારીઓ, ધાણી, ચોકલેટ, બિસ્કિટનું વિતરણ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હોળી ધુળેટી રંગો અને ખુશીઓનો તહેવાર છે તે વાતને ટાઈગર ગ્રુપ નર્મદા ની ટીમે સાર્થક કરી બતાવી નેત્રંગ તાલુકાના અંતરિયાળ ગામના ગરીબ બાળકો સાથે આ પર્વ ની ઉજવણી કરી હતી.

ટાઈગર ગ્રુપ નર્મદાની ટીમે ૨૦૦ થી વધુ બાળકોને પિચકારીઓ, ધાણી, ચોકલેટ, બિસ્કિટ આપી ત્યાં હાજર વડિલો અને બાળકો સાથે ગુલાલ થી ધુળેટી રમી હોળીની શુભકામના પાઠવી બાળકો એ પણ ટાઈગર ગ્રુપ નર્મદાની ટીમને ગુલાબનુ ફુલ આપી ગુલાલ લગાવીને અનોખી ખુશી વ્યક્ત કરી હતી.

ટાઈગર ગ્રુપ નર્મદાના અધ્યક્ષ પ્રેમભાઈ વસાવા એ આ તબક્કે જણાવ્યુ કે બાળકોની ખુશી જોઈને અમને ખુબ આનંદની અનુભિતિ થાય છે કે અમે કોઈની ખુશીનું કારણ બની શક્યા સાથે આ સેવાકાર્ય મા જોડાનાર ટાઈગર ગ્રુપ નર્મદાની ટીમ અને અંકિતભાઈ, ધવલભાઈ, નિકિતાબેન શાન્તુભાઈ, જયદીપભાઈ, રાહુલભાઈ, ભાવિનભાઈ, અમિતભાઈ જેવા દાંતાઓનો પણ ખુબ ખુબ આભાર માન્યો હતો.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬